RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 43, Dt.01-05-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# GST કલેક્શને રેકોર્ડ તોડ્યા, પ્રથમ વખત ૨ લાખ કરોડને પાર




## ગત વર્ષે સમાન ગાળામાં ૧.૮૭ લાખ કરોડનું જીએસટી કલેક્શન થયુ હતું: નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરાયેલાં આંકડા અનુસાર ગુજરાતમાં માર્ચ-૨૦૨૪ દરમિયાન રૂા.૧૩૩૦૧ કરોડ નું જીએસટી કલેક્શન નોંધાયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતનું ગ્રોસ જીએસટી કલેક્શન એપ્રિલ, ૨૦૨૪માં રૂ. ૨.૧ લાખ કરોડ સાથે રેકોર્ડ ટોચે નોંધાયું છે. જે વાર્ષિક ધોરણે ૧૨.૪ ટકા ગ્રોથ દર્શાવે છે. સ્થાનિક ટ્રાન્જેક્શનમાં ૧૩.૪ ટકા, આયાતોમાં ૮.૩ ટકાના મજબૂત ગ્રોથ સાથે જીએસટી કલેક્શન ઐતિહાસિક ટોચે નોંધાયું હોવાનું નાણા મંત્રાલયે જણાવ્યું છે. અગાઉ ગતવર્ષે સમાનગાળામાં ૧.૮૭ લાખ કરોડનું જીએસટી કલેક્શન થયું હતું.

નાણા મંત્રાલય દ્વારા જાહેર કરેલા આંકડા અનુસાર, ગુજરાતમાં માર્ચ-૨૪ દરમિયાન રૂ. ૧૩૩૦૧ કરોડનું જીએસટી કલેક્શન નોંધાયું હતું. જે અગાઉના વર્ષની તુલનાએ ૧૩ ટકા (૧૧૭૨૧ કરોડ) વધ્યું છે.

રિફંડની ગણતરી કર્યા બાદ નેટ જીએસટી રેવેન્યુ એપ્રિલ, ૨૦૨૪માં રૂ. ૧.૯૨ લાખ કરોડ નોંધાઈ છે. જે ગતવર્ષની તુલનાએ ૧૭.૧ ટકા વધી છે. જેમાં રૂ. ૪૩૮૪૬ કરોડનું સેન્ટ્રલ જીએસટી, રૂ. ૫૩૫૩૮ કરોડનું સ્ટેટ જીએસટી તથા રૂ. ૯૯૬૨૩ કરોડનું આઈજીએસટી તથા રૂ. ૧૩૨૬૦ કરોડનું સેસ સામેલ છે.

કેન્દ્ર સરકારે સેન્ટ્રલ જીએસટી માટે રૂ. ૫૦૩૦૭ કરોડ, ઈન્ટિગ્રેટેડ જીએસટી પાસેથી રૂ. ૪૧૬૦૦ કરોડના સેટલમેન્ટ કર્યા બાદ સેન્ટ્રલ જીએસટી બદલ રૂ. ૯૪૧૫૩ કરોડ, સ્ટેટ જીએસટી બદલ રૂ. ૯૫૧૩૮ કરોડની આવક નોંધાઈ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ ખાતે નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, જીએસટી કલેક્શન ૨ લાખ કરોડની ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યું છે.

દેશમાં ટેક્સ સુધારણા તરીકે જીએસટી ૧ જુલાઈ, ૨૦૧૭ના રોજ લાગુ થયુ હતું. કોવિડ મહામારી બાદ ૨૦૨૦-૨૧થી જીએસટી કલેક્શન સતત વધ્યું છે. ૨૦૨૨-૨૩માં એવરેજ ૧.૫૧ લાખ કરોડ કલેક્શન નોંધાયું હતું.

# દિલ્હીની ૧૦૦થી વધુ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં અફડાતફડી મચી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાટનગર દિલ્હીમાં વધુ એક વખત પાડોશી નોઈડાની ૧૦૦થી વધુ શાળાઓમાં બોમ્બ મુકયા હોવાની ધમકી મળતા જ જબરી અફડાતફડી મચી ગઈ છે અને દિલ્હી પોલીસની બોમ્બશોધક ટીમ સહિતની ખાસ ટીમો આ શાળાઓમાં પહોંચીને પ્રથમ વિદ્યાર્થીઓ સહિત તમામને સલામત કરીને હવે દરેક શાળાના ખુણેખુણાની તપાસ કરી રહી છે.




આજે સવારે દ્વારીકા સ્થિત દિલ્હી પબ્લીક સ્કુલ અને બાદમાં અન્ય ૯થી વધુ શાળાઓને ઈ-મેલથી આ પ્રકારની ધમકી મળી હતી. દિલ્હી પોલીસ પહેલા આ દ્વારીકાની શાળાએ પહોંચીને તુર્તજ ઈમારત ખાલી કરાવી હતી અને ત્યાં જ એક બાદ એક શાળાઓ પણ આ પ્રકારની ધમકી મળી હોવાના અહેવાલ આવતા જ જબરી અફડાતફડી મચી ગઈ હતી.

પુર્વી દિલ્હીની મયુર વિહાર સ્થિત મધર મેરી સ્કુલ ઉપરાંત સંસ્કૃતિ સ્કુલ, નોઈડાની દિલ્હી પબ્લીક સ્કુલ અને અન્ય બે શાળાઓના સંચાલકોને પણ આ પ્રકારના ઈ-મેલ મળ્યાની પોલીસને જાણ કરતા દિલ્હી પોલીસના પગલે તુર્તજ અલગ અલગ ટીમો બનાવીને ઉચ્ચ અધિકારીઓને દોડતા કરી દીધા હતા તથા શાળા સંચાલકોએ તુર્તજ વાલીઓને પણ તેમના સંતાનોને લઈ જવા ફોન શરૂ કરી દેતા જબરો દહેશતનો માહોલ સર્જાયો હતો.

પ્રથમ ઈ-મેલ દ્વારીકાની પબ્લીક સ્કુલને સવારે ૪.૧૫ કલાકે મળ્યો હતો અને તેમાં મોકલનારના આઈપી એડ્રેસ સહિતના મુદે તપાસ શરૂ થઈ ત્યાંજ બીજી શાળાઓમાંથી પણ ઈ-મેલ મળ્યાના ખબર મળ્યા હતા અને એક તરફ શાળાઓની આસપાસ પોલીસ ડોગ સ્કવોડ તથા બોમ્બ વિરોધી સ્કવોડ વિ. પહોંચવા લાગી હતી તો બીજી તરફ આ ખબર પ્રસરવા લાગતા ચિંતાતુર વાલીઓએ તેમના બાળકને લેવા દોટ મુકી હતી.

પોલીસે પ્રથમ તમામને એક સલામત સ્થળો પર પહોંચાડીને બાદમાં શાળાની તપાસ શરૂ કરી હતી. તમામ શાળાઓને એક જ સમાજ લખાયેલા ઈ-મેલ મળ્યા હતા અને તમામને ધમકીની અતિ ગંભીર ભાષા લખાઈ હતી અને તેનાથી પોલીસની ચિંતા વધી ગઈ હતી.

# સાત ફેરા ફર્યા વિના હિન્દુ લગ્ન માન્ય નથી: સુપ્રીમ કોર્ટ

## વિવાહ ગીત સંગીત કે ખાણીપીણીની ઉજવણી નથી પરંતુ પવિત્ર સંસ્કાર છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સાત ફેરા વિના હિન્દુ વિવાહ માન્ય ન હોવાનો અત્યંત મહત્વપૂર્ણ અને મોટો ચુકાદો સર્વોચ્ચ અદાલતે આપ્યો છે અને હિન્દુ મેરેજ એકટ-૧૯૫૫ હેઠળ હિન્દુ લગ્નની કાનુની જરૂરીયાતો તથા પવિત્રતાને સ્પષ્ટ કરી છે.

સુપ્રિમ કોર્ટે ચુકાદામાં કહ્યું છે કે, હિંદુ લગ્ન એ એક સંસ્કાર છે અને તે નગીત-નૃત્યથ, નપીવા-જમવાનીથ (વાઈનીંગ એન્ડ ડાઈનીંગ) ઘટના નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો જરૂરી વિધિઓ કરવામાં ન આવી હોય તો હિંદુ લગ્ન રદબાતલ છે અને નોંધણી આવા લગ્નને માન્ય ગણી શકતી નથી.



કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, હિંદુ લગ્નને માન્ય રાખવા માટે, તે સપ્તપદી (પવિત્ર અગ્નિની આસપાસ પરિભ્રમણના સાત પગલાં) જેવા યોગ્ય સંસ્કારો અને વિધિઓ સાથે કરવામાં આવે છે અને વિવાદોના કિસ્સામાં આ સમારોહનો પુરાવો છે. જસ્ટિસ બી. નાગરથનાએ પોતાના ચુકાદામાં કહ્યું કે, હિંદુ લગ્ન એ એક સંસ્કાર છે, જેને

તેમણે કહ્યું, લગ્ન એ નગીત અને નૃત્યથ અને પપીવા અને જમવાનુંથ અથવા અનુચિત દબાણ દ્વારા દહેજ અને ભેટોની માંગણી અને વિનિમય કરવાનો પ્રસંગ નથી. લગ્ન એ કોઈ વ્યાપારી વ્યવહાર નથી, તે ભારતીય સમાજની એક મહત્વપૂર્ણ ઘટના છે જે એક પુરુષ અને સ્ત્રી વચ્ચેના સંબંધને સ્થાપિત કરવા માટે ઉજવવામાં આવે છે, જે ભવિષ્યમાં વધતા પરિવાર માટે પતિ અને પત્નીનો દરજ્જો પ્રાપ્ત કરે છે.

# સોનાના ઉંચા ભાવો છતાં ખરીદીમાં ૮ ટકાનો વધારો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

સોનાના ઊંચા ભાવ હોવા છતાં, ભારતમાં આ વર્ષે જાન્યુઆરી-માર્ચમાં માંગ ૮% વધીને ૧૩૬.૬ ટન થઈ છે. એક વર્ષ પહેલા તે ૧૨૬ ટન હતું. આ સમયગાળા દરમિયાન સોનાની વૈશ્વિક માંગ ૩% વધીને ૧,૨૩૮ ટન થઈ છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ પોતાનો રિપોર્ટ જાહેર કર્યો હતો. જેમાં જાણવા મળ્યું કે ભૌગોલિક-રાજકીય કારણોસર સોનામાં સતત વધારો થઈ રહ્યો છે. સેન્ટ્રલ બેંક દ્વારા કરવામાં આવેલી ખરીદીને ધ્યાનમાં લેતાં આ વર્ષે ભારતમાં સોનાની માંગ ૭૦૦-૮૦૦ ટનની આસપાસ રહેશે.



ભારતમાં માંગ મૂલ્યના આધારે ૨૦ ટકા વધીને રૂ. ૭૫,૪૭૦ કરોડ થઈ છે. આ સમયગાળા દરમિયાન, ઝવેરાતની માંગ ૪% વધીને ૯૫.૫ ટન થઈ, જ્યારે રોકાણ (યુદ્ધ, સિક્કા વગેરે) ૧૯% વધીને ૪૧ ટન થઈ. WGC ભારતના પ્રાદેશિક સીઈઓ સચિન જૈને જણાવ્યું હતું કે, નભારત હવે રોકાણ આધારિત સોનાની માંગના વૈશ્વિક વલણને અનુસરી રહ્યું છે.

જોકે ક્વાર્ટરના અંતે ઊંચા ભાવ હોવા છતાં, ભારતમાં સોનાના દાગીનાની પરંપરાગત માંગ અકબંધ રહી હતી. જોકે, માર્ચમાં જ્યારે ભાવ ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યા ત્યારે વેચાણમાં થોડો ઘટાડો થયો હતો. જો ભાવ આ રીતે વધતા રહેશે તો માંગ આ રેન્જના નીચલા સ્તરે રહી શકે છે. ૨૦૨૩માં દેશમાં સોનાની માંગ ૭૪૭.૫ ટન હતી.

નોંધનીય છે કે માર્ચ ક્વાર્ટરમાં સોનાની સરેરાશ કિંમત (આયાત ડ્યૂટી અને જીએસટી સિવાય) ૫૫,૨૪૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી. અમેરિકામાં તે ઔંસ દીઠ ૨,૦૭૦ હતો. સોનું સોમવારે રૂ. ૭૨,૩૭૩ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું, જે ૧૮ એપ્રિલે રૂ. ૭૩,૪૭૭ના સર્વોચ્ચ સ્તરે હતું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ગુજરાતમાં આગમન: બે દિવસમાં ૬ જાહેરસભા ગજાવશે

## આજે ડીશા અને હીંમતનગરમાં રેલી, કાલે આણંદ, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને જામનગરમાં સભા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસની ગુજરાત અને સૌરાષ્ટ્રની મુલાકાતે આવી રહ્યાં છે. લોકસભાની ૨૫ બેઠકોની ચૂંટણીના પ્રચાર માટે તેઓ બે દિવસમાં ૬ જેટલી વિજય વિશ્વાસ જાહેરસભાઓ કરશે. રાજ્યમાં ચાલી રહેલા ક્ષત્રિય આંદોલનના પગલે મોદીની સભાઓના સ્થળે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે તો સૌરાષ્ટ્રમાં ભારે તાપ અને તડકા વચ્ચે યોજાયેલી જાહેર સભામાં જનમેદની એકત્ર કરવા ભાજપ દોડાદોડી પણ કરી રહ્યો છે.

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલા સામે મતદાન માટે ક્ષત્રિય સમાજ હજુ આંદોલન ચલાવી રહ્યો છે ત્યારે સમગ્ર સૌરાષ્ટ્રમાં વિરોધ વચ્ચે પણ વડાપ્રધાનની સભાનો વિરોધ નહીં કરવા નિર્ણય લેવાયો છે.



રાજયમાં ત્રીજા તબક્કામાં ૭મી મેના રોજ મતદાન થવાનું છે. આ પહેલાં વડાપ્રધાન ૭૦ વિધાનસભા વિસ્તારો અને ૧૪ લોકસભા મતવિસ્તારને આવરી લેતો ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરશે. આજે બપોરે ૨.૩૦ કલાકે તેઓ ઉત્તર ગુજરાતમાં ડીસા અને ત્યારબાદ સાંજે ૪.૧૫ કલાકે હિંમતનગરમાં જાહેર સભાઓને સંબોધન કરશે.

ચૂંટણીની આચાર સંહિતા હોવાથી તેમનું રાત્રી રોકાણ રાજભવનના સ્થાને ગાંધીનગર સરકીટ હાઉસમાં રાખવામાં આવ્યું છે. આ રોકાણ દરમ્યાન તેઓ ભાજપના પ્રદેશ નેતાઓ સાથે બેઠક કરીને માર્ગદર્શન આપશે અને વર્તમાન રાજકીય પરિસ્થિતિની ચર્ચા કરશે તેવું માનવામાં આવે છે.

વડાપ્રધાન કાલે મધ્ય ગુજરાતના આણંદમાં સવારે ૧૦.૦૦ કલાકે, સુરેન્દ્રનગર-રાજકોટ રોડ પર ત્રિમંદિર મેદાનમાં બપોરે ૧૨.૦૦ કલાકે, જૂનાગઢમાં ૨.૧૫ કલાકે અને જામનગરમાં સાંજના ૪.૧૫ કલાકે જાહેર સભાને સંબોધન કરશે.

બે દિવસના કાર્યક્રમમાં રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગર મતવિસ્તારને અસર કરતી સભા સુરેન્દ્રનગરમાં યોજાશે. જામનગરમાં તેમની છેલ્લી સભા છે જે પૂરી કરીને દિલ્હી રવાના થશે. વડાપ્રધાન ગુજરાતના મતદાર હોવાથી તેઓ મતદાન કરવા ફરીથી છઠ્ઠી મેની રાત્રીએ ગુજરાત આવશે. ક્ષત્રિય સમાજના આંદોલન અને વિરોધ વચ્ચે વડાપ્રધાનના આ પ્રવાસ પર બધાંની નજર મંડરાયેલી છે. જો કે ક્ષત્રિય આગેવાનોએ વડાપ્રધાનની સભાઓને સ્થળે કોઈપણ જાતના વિરોધ કાર્યક્રમ કે આંદોલન નહીં કરવાનું સમાજના યુવાનો અને મહિલાઓને એલાન કર્યું છે.

નરેન્દ્ર મોદી તેમની ચૂંટણીલક્ષી મુલાકાતમાં ઉત્તર ગુજરાત, કચ્છ-સૌરાષ્ટ્ર તેમજ મધ્ય ગુજરાતમાં આવતી લોકસભા બેઠકોને આવરી લેશે. આ સાથે તેઓ વિધાનસભાની પાંચ પૈકી ચાર પેટાચૂંટણીઓના વિસ્તારને પણ કવર કરશે. જિલ્લાઓના તેમના પ્રવાસ દરમ્યાન કેન્દ્રની સુરક્ષા એજન્સીઓ, ચૂંટણીની સલામતી માટે ખડકેલી રિઝર્વ પોલીસ ઉપરાંત રાજય પોલીસના હજારો જવાનો જાહેરસભાના સ્થળે ખડેપગે સુરક્ષા બંદોબસ્ત જાળવશે.

# જમ્મુ-કાશ્મીરમાં વરસાદ-હિમવર્ષા આફત બન્યાં, ભૂસ્ખલનથી અનેક મકાનો ધરાશાયી, સ્કૂલો બંધ કરાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ અને પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના કારણે જનજીવન મુશ્કેલીમાં મૂકાઈ ગયુ છે.રાજ્યમાં ત્રણ ડઝનથી વધુ મકાનો ધરાશાયી થઈ ગયા છે છે અને ઘણા મકાનો ધરાશાયી થવાના આરે છે. બારામુલ્લા, કિશ્તવાડ અને રિયાસી જિલ્લામાં સૌથી વધુ નુકસાન થયું છે.



બીજી તરફ કિશ્તવાડ જિલ્લામાં ભારે વરસાદને કારણે ૧૨ મકાનોને નુકસાન થયું છે જેના કારણે અધિકારીઓએ ડિઝાસ્ટર રિસ્પોન્સ મશીનરીને હાઈ એલર્ટ પર રાખવી પડી છે. આ અંગે એક સત્તાવાર પ્રવક્તાએ જણાવ્યું કે છેલ્લા ચાર દિવસથી વિસ્તારમાં પડી રહેલા ભારે વરસાદ વચ્ચે વહીવટીતંત્રએ ડિઝાસ્ટર રિસ્પોન્સ મશીનરીને હાઈ એલર્ટ પર મૂકી દીધી છે. તેમણે કહ્યું કે સંબંધિત તહસીલદારોના અહેવાલોમાં તહસીલ નાગસેની, મુગલમેદાન અને કિશ્તવાડ વિસ્તારોમાં લગભગ એક ડઝન મકાનોને નુકસાન થયું હોવાના સંકેત આપ્યા છે.

હવામાન વિભાગે મંગળવારે પણ મોટાભાગના વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદની આગાહી કરી છે. આવી સ્થિતિમાં મંગળવારે કાશ્મીરમાં શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કાશ્મીરમાં મંગળવારે યોજાનારી જુનિયર આસિસ્ટન્ટની ટાઈપ પરીક્ષા પણ સ્થગિત કરી દેવામાં આવી છે. જમ્મુ-શ્રીનગર હાઈવે અંગે અધિકારીઓએ યાત્રીઓને જ્યાં સુધી કાટમાળ સાફ ન થાય ત્યાં સુધી હાઈવે પર મુસાફરી ટાળવાની સલાહ આપી છે.

પહાડી અને દૂરના અનેક વિસ્તારોના રસ્તાઓ તૂટવાને કારણે અને ભૂસ્ખલનને કારણે જિલ્લા મુખ્યાલયોથી સંપર્ક તૂટી ગયો છે. કિશ્તવાડ જિલ્લામાં રેડ એલર્ટ છે.

ડોડા, રામબન અને રિયાસીના ગુલાબગઢમાં ચાર લોકો નદી-નાળાઓમાં વહી ગયા છે જેમાંથી બેના મૃતદેહ મળી આવ્યા છે. ભૂસ્ખલન અને મકાન ધરાશાયી તથા સ્લીપ મારી જવાના કારણે બસ ખાઈમાં પડી જતાં ૧૨ બાળકો સહિત ૨૨ લોકો ઘાયલ થઈ ગયા છે.

રામબન જિલ્લામાં જમ્મુ-શ્રીનગર હાઈવે પર અડધા ડઝન જગ્યાએ ભૂસ્ખલન થયું છે અને તેના કારણે વાહનવ્યવહાર ઠપ થઈ ગયો છે. પુંછના રસ્તે કાશ્મીરને જોડતો મુગલ રોડ પહેલાથી જ બંધ છે.

બીજી તરફ ગુલમર્ગ સહિત કાશ્મીરના મોટાભાગના પર્વતો બરફથી ઢંકાઈ ગયા છે. ઉત્તર અને મધ્ય કાશ્મીરમાં હિમપ્રપાતનો ખતરો વધી ગયો છે. સોમવારે બપોરે સોનમર્ગમાં હિમસ્ખલન થયું હતું. આ ઘટના જ્યાં બની તે જંગલ વિસ્તાર છે તેથી કોઈ જાનહાનિ નહોતી થઈ.

બીજી તરફ જમ્મુમાં પણ દિવસભર વરસાદ પડ્યો હતો. રાજ્યમાં છેલ્લા ચાર દિવસથી પડી રહેલા વરસાદને કારણે નદી-નાળાઓના જળસ્તરમાં વધારો થયો છે. કુપવાડામાં પૂર પ્રભાવિત વિસ્તારોમાંથી ૩૩૬ પરિવારોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

ગુલાબગઢમાં ભૂસ્ખલનના કારણે ચાર માળનું મકાન ધરાશાયી થઈ ગયુ હતું. પૂંચ જિલ્લામાં પણ ત્રણ મકાનો ધરાશાયી થયા છે. પુંછના જ મંડીમાંસ્કૂલના બાળકોથી ભરેલી બસ ખાઈમાં ખાબકી ગઈ હતી જેમાં ૧૨ બાળકો ઘાયલ થયા હતા.

# ચાર ધામ યાત્રા પ્રથમ વખત ભક્તોની સંખ્યા મર્યાદિત:દરરોજ માત્ર ૧૫ હજાર લોકો જ કેદારનાથના દર્શન કરી શકશે, ૧૬ હજાર લોકોને બદ્રીનાથના દર્શન કરવા પ્રવેશ અપાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઉત્તરાખંડમાં ૧૦ મેથી ચાર ધામ યાત્રા શરૂ થઈ રહી છે. અત્યાર સુધીમાં ૧૯ લાખથી વધુ ભક્તોએ આ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ગયા વર્ષે, રેકોર્ડ ૫૫ લાખ લોકો આવ્યા હતા, તેથી વ્યવસ્થા ઘણી વખત ખોરવાઈ ગઈ હતી. આમાંથી બોધપાઠ લઈને ઉત્તરાખંડ પોલીસ અને પર્યટન વિભાગે પ્રથમ વખત ચાર ધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની દૈનિક સંખ્યા મર્યાદિત કરી છે.

પ્રવાસન સચિવ સચિન કુર્વેના જણાવ્યા અનુસાર, એક દિવસમાં ૧૫ હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામના દર્શન કરી શકશે, ૧૬ હજાર લોકો બદ્રીનાથ ધામના દર્શન કરી શકશે, ૯ હજાર શ્રદ્ધાળુઓ યમુનોત્રીના દર્શન કરી શકશે અને ૧૧ હજાર લોકો ગંગોત્રીના દર્શન કરી શકશે. એટલે કે દરરોજ ૫૧ હજાર લોકો ચાર ધામની મુલાકાત લેશે. ગત વર્ષે રોજના ૬૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ દર્શન માટે આવતા હતા.



ઋષિકેશ બાદ પ્રવાસીઓને રોકવા માટે બેરિયર છાવણીઓમાં નક્કી કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ બદ્રીનાથ જવા માંગે છે તો તેને પહેલા શ્રીનગરમાં રોકવામાં આવશે. જો દૈનિક ૧૫ હજારની મર્યાદા પહોંચી જાય તો ભક્તોએ અહીં રાત્રિ રોકાણ કરવું પડશે. બીજા દિવસે, આ જ પ્રક્રિયા રુદ્રપ્રયાગ, પછી ચમોલી, પીપલકોટી અને જોશીમઠમાં અનુસરવામાં આવશે, એટલે કે જ્યારે નંબર આવશે ત્યારે જ તમે આગળ વધી શકશો. કેદારનાથ ધામના ભક્તોને પણ શ્રીનગર, રુદ્રપ્રયાગ, ઉખીમઠ, ગૌરીકુંડમાં રોક્યા બાદ આગળ જવા દેવામાં આવશે.

ગંગોત્રી-યમુનોત્રી જતા ભક્તોને ટિહરી, ચંબા, ઉત્તરકાશીમાં રોકવામાં આવશે. આ છાવણીમાં એક સમયે ૨૦ થી ૩૦ હજાર લોકો રહી શકશે. અહીં હોટેલ અને હોમ સ્ટેની સુવિધા છે. જો કે ચારધામ હોટલ એસોસિએશન આ નિર્ણયની વિરુદ્ધમાં આવ્યું છે.

એસોસિએશનના પ્રમુખ અજય પુરીનું કહેવું છે કે આનાથી બિઝનેસ ઘટશે. ઉત્તરકાશી હોટલ એસોસિએશનના પ્રમુખ શૈલેન્દ્ર માટુડાના જણાવ્યા અનુસાર, રાજ્યની અર્થવ્યવસ્થા પ્રવાસન અને તીર્થયાત્રા પર નિર્ભર છે. જો છ મહિનાની સિઝન દરમિયાન પણ સંખ્યા મર્યાદિત રહેશે, તો વ્યવસાયને અસર થશે. જો સરકાર નિર્ણય પાછો નહીં ખેંચે તો હોટલ અને હોમ સ્ટે બંધ કરવામાં આવશે.

ઉત્તરાખંડમાં રોડ માર્ગે આદિ કૈલાશ અને ઓમ પર્વતની યાત્રા પણ લગભગ દોઢ મહિના પહેલા પ્રથમ વખત શરૂ કરવામાં આવશે. આદિ કૈલાશ મંદિરના પૂજારી હરીશ કુતિયાલે જણાવ્યું કે આદિ કૈલાશ મંદિરના દરવાજા ૧૦ મેના રોજ ખુલશે. SDM ધારચુલા મનજીત સિંહે જણાવ્યું કે યાત્રાના રૂટ પર કુટી અને જોલીકોંગ વચ્ચે બરફ છે.

# મોરબીમાં સગીરાના અપહરણના ગુનામાં છેલ્લા પાંચ મહિનાથી ફરાર આરોપીને એમ.પી. થી દબોચી લેવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી જીલ્લા પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફિકિંક યુનિટની ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે મોરબી ગ્રામ્ય વિસ્તારમાંથી સગીરાનું અપહરણ કરી ભગાડી જનાર આરોપીને મધ્યપ્રદેશ રાજ્યના બખતગઢથી ઝડપી લઇ મોરબી તાલુકા પોલીસ મથકમાં સોંપવામાં આવ્યો હતો.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીએ અપહરણ તથા ગુમ થયેલ વ્યકતિઓને શોધી કાઢવા મોરબી એન્ટી હ્યુમન ટ્રાફિકિંક યુનિટ ટીમને જરૂરી માર્ગદર્શન તથા સુચના કરેલ હોય ત્યારે તે કામગીરી કરવા પ્રયત્નશીલ હતા તે દરમિયાન પો.હેડ કોન્સ. નંદલાલ ડી વરમોરાને ખાનગીરાહે માહીતી મળેલ હતી કે સગીરાને ભરતનગર ગામની સીમમાંથી અપહરણ કરી ભગાડી ગયેલ આરોપી રૂપસીંગ મહેન્દ્રભાઇ ડોડવા મધ્યપ્રદેશ રાજ્યમાં હોવાની ચોકક્સ માહીતી મળતા મોરબી અંઇઝ્અ ટીમ મધ્યપ્રદેશ રાજયના બખતગઢ પો.સ્ટે.વિસ્તારના ચીખોડા ખાતે જતા જ્યાંથી આરોપી રૂપસીંગ મહેન્દ્રભાઇ ડોડવા રહે.મધ્યપ્રદેશવાળને ઝડપી લઇ હસ્તગત કરી મોરબી તાલુકા પોલીસ મથકમાં સોંપી આપવામાં આવ્યો હતો.

ઉપરોક્ત સફળ કામગીરીમાં મોરબી અંઇઝ્અ પીઆઈ એન.એ.વસાવા તથા અર્જઈ ફુલીબેન ઠાકોર, ઇંઈ નંદલાલભાઇ વરમોરા, ભરતસિંહ ડાભી, બકુલભાઇ કાસુન્દ્રા જોડાયેલા હતા.

# મોરબીમાં રીક્ષામાં બેસાડી ખેત શ્રમિકને લૂંટી લેનાર ગેંગના એક સભ્યને દબોચી લેતી પોલીસ

## મોરબી ક્રાઇમ બ્રાંચે ગણતરીના દિવસોમાં રીક્ષા ગેંગ ત્રિપુટીનો પર્દાફાશ કરી એક લૂંટારાને રીક્ષા સાથે ઝડપી લીધો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સહીત રાજકોટ જામનગરમાં રિક્ષામાં એકલ દોકલ કે વયોવૃદ્ધ પેસેન્જરને બેસાડી તેના ખિસ્સામાંથી રોકડની લૂંટ ચલાવનાર રાજકોટની લૂંટારા ગેંગના ત્રણ સભ્યોએ મોરબીના ખેત શ્રમિક વૃદ્ધને શિકાર બનાવ્યા હતા. ત્યારે મોરબી એલસીબી પોલીસ ટીમે લૂંટારા ગેંગના એક સભ્યને ચોરીમાં ઉપયોગમાં લેવાયેલ રીક્ષા તથા રોકડા ૩૦ હજાર સાથે ઝડપી લેવામાં સફળતા મળી છે. આ સાથે આ લૂંટારા ગેંગના મહિલા સહિતના બે આરોપીના નામ ખુલવા પામ્યા હતા.

સમગ્ર બનાવની ટૂંક વિગત મુજબ ગત તા.૨૬/૦૪ના બપોરના અરસામાં મોરબી તાલુકાના વાઘપર ગામે વાડીમાં પરિવાર સાથે રહી ખેત મજૂરી કરતા મૂળ મધ્યપ્રદેશના વતની જામસિહ મેથુસિહ બબરીયા ઉવ.૬૦ને પીળા હૂડવાળી તેમજ એપલના નિશાનવાળી



સીએનજી રીક્ષામાં માળીયા ફાટક પાસેથી પેસેન્જર તરીકે બેસાડયા હતા અને રીક્ષામાં પહેલેથી જ મુસાફરના સ્વાંગમાં એક મહિલા સહીત બે લોકો બેસેલા હોય તેણે ખેત શ્રમિકનું ધ્યાન ચૂકવી તેના પેન્ટના ખિસ્સામાંથી રોકડા ૪૫,૦૦૦/- સેરવી લઇ વૃદ્ધને વીસી ફાટક નજીક ઉતારી મુક્યા હતા. રીક્ષામાંથી ઉતાર્યા બાદ ખેત શ્રમિકને તેના ખિસ્સામાં રહેલ રોકડની ચોરી થઇ હોવાની જાણ થતા તેમને મોરબી સીટી બી ડિવિઝનમાં બનાવની હકીકત જણાવી રીક્ષા ચાલક તથા સાથે મુસાફરના સ્વાંગમાં બેસેલ એમ બંને આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ત્યારે ઉપરોક્ત રીક્ષા-ગેંગને પકડી પાડવા મોરબી પોલીસે હ્યુમન ઈન્ટેલીજન્સ તેમજ પોકેટ કોપ એપ ટેક્નિકલ માધ્યમ દ્વારા આવા પ્રકારના ગુણ આચરનાર આરોપીઓના ગુનાહિત ઈતિહાસની માહિતી એકત્રી કરી જુદી જુદી દિશામાં તપાસ કરતા મોરબી શહેરમાં લાગેલ નેત્રમ કેમેરાના સીસીટીવી ફૂટેજ તપાસી ઉપરોક્ત રીક્ષા અંગેની માહિતી મોરબી એલસીબી પોલીસ સ્ટાફને મળતા તેમજ હાલ તે રીક્ષા મોરબીના સામાકાંઠા વિસ્તારમાં મહારાણા પ્રતાપ સર્કલ પાસે હોવાની ચોક્કસ બાતમીને આધારે ઉપરોક્ત લીલા પીળા કલરના હૂડવાળી એપલના નિશાનવાળી રીક્ષા ચાલક નટવરભાઈ ઉર્ફે નટુ દિનેશભાઇ હીરાભાઈ કુંવરીયા ઉવ.૨૮ રહે.રાજકોટ ગોંડલ ચોકડી પરફેક્ટના શો રૂમ પાસે રાજકોટ મૂળ બનાસકાંઠા જીલ્લાના ભીલવાડાની ત્યાંથી અટક કરી એલસીબી કચેરી લાવવામાં આવ્યા હતા.

જયારે પકડાયેલ આરોપીની આકરી પૂછપરછમાં તે તથા તેનો મિત્ર અને તેની માતા એમ ત્રણેય મળી ઉપરોક્ત ગુનો આચરેલ હતો. જેથી પોલીસે આરોપી રવિભાઈ અરવિંદભાઈ મકવાણા તથા ગીતાબેન અરવિંદભાઈ મકવાણા બંને રહે.રાજકોટ ઘંટેશ્વર પચીસવારીયા ક્વાર્ટર સહીત ત્રણેય આરોપીઓ સામે ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. પકડાયેલ આરોપી પાસેથી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/-તથા સીએનજી રીક્ષા જીજે-૨૩- ઝેડ-૨૨૮૮ કિ.રૂ. ૭૫,૦૦૦/-સહીત ૧,૦૫,૦૦૦/- નો મુદામાલ કબ્જે કર્યો હતો.

# જામનગર શહેરમાં વકીલ હત્યા કેસમાં આરોપીના આગોતરા જામીન રદ્દ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વકીલ હત્યા કેસમાં આરોપીએ કરેલી આગોતરા જામીન અરજી અદાલતે રદ કરી છે. દોઢ મહિના પહેલા હત્યા થયા પછી આ આરોપી નાસતો ફરી રહ્યો છે તેની પાસેથી હત્યા માટેની વિગતો મેળવવા તેની કસ્ટડી જરૂરી હોવાની રજૂઆત અદાલતે ગ્રાહ્ય રાખી છે. જામનગરના બેડી વિસ્તારમાં ગત તા.૧૩ના એડવોકેટ હારૂન પલેજાની કરપીણ હત્યા નિપજાવવામાં આવી હતી. બનાવ અંગે એડવોકેટના ભત્રીજા



નુરમામદ પલેજાએ ૧૫ શખ્સ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કુખ્યાત સાયચા ગેંગના શખ્સો સામે ગુન્હો નોંધી ૧૪ આરોપીને પકડી પાડ્યા હતાં.જ્યારે ૧૫ માં આરોપી અસગર જુસબ સાયચાએ જામનગરની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. આ આરોપીએ ઉપરોક્ત ગુન્હામાં પોતાને સંડોવી દેવામાં આવ્યો હોવાની રજૂઆત જામીન અરજીમાં કરી હતી. આ અરજી ચાલી જતા પબ્લીક પ્રોસીક્યુટર પિયુષ પરમારે રજૂઆત કરી હતી કે, આત્મહત્યાની દુષ્પ્રેરણાનો કેસ લડી રહેલા વકીલની હત્યા કરવામાં આવી છે. તે ઉપરાંત હત્યાના દિવસથી આરોપી પોલીસને હાથતાળી આપી રહ્યો છે. હત્યાના કાવતરાની વિગતો તેમજ અન્ય પુરાવા માટે આરોપીની કસ્ટડી જરૂરી છે. અદાલતે સરકારી વકીલની આ રજૂઆત ગ્રાહ્ય રાખી આરોપીએ કરેલી આગોતરા જામીન અરજી રદ્દ કરી છે.

# નોનવેજની રેંકડીએ નાસ્તો ઝડપથી આપવાનું કહી બે શખ્સે મચાવી ધમાલ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના શંકરટેકરી ઉદ્યોગનગરમાં નોનવેજની રેંકડીએ નાસ્તો ઝડપથી આપવાની બાબતે રેંકડીધારક પર બે શખ્સે હુમલો કરી માર માર્યો હતો. જ્યારે ભીલવાસમાં એક વૃદ્ધને બે પાડોશીએ ધોકા-પાઈપથી લમધારી નાખ્યા હતા. પોલીસે હુમલાખોરો સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.જામનગરના રણજીત સાગર રોડ પર મહાવીરનગરમાં રહેતા અને શંકરટેકરી ઉદ્યોગનગરમાં પાણાખાણ પાસે નોનવેજની નાસ્તાની રેંકડી ચલાવતા પરસોત્તમ વાસુદેવ ચાંદ્રા પોતાની રેંકડી પર હતા ત્યારે ત્યાં આવેલા જયેશ પટેલ તથા મુન્ના પટેલ નામના બે શખ્સે નાસ્તાનો ઓર્ડર કર્યો હતો.

ત્યારપછી કેટલી વાર લાગશે? તેમ કહી બંને શખ્સે ગાળો ભાંડતા પરસોત્તમે ગાળો ભાંડવાની ના પાડી હતી. આથી ઉશ્કેરાયેલા બંને શખ્સે હુમલો કર્યો હતો. ત્યાં પડેલો તાવડીનો હાથો ઉપાડી આ શખ્સોએ પરસોત્તમભાઈને આંખ નીચે ફટકાર્યો હતો અને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તેની ફરિયાદ થઈ છે.

જામનગરના એરફોર્સ રોડ પર ખેતીવાડી ફાર્મ સામે ભીલવાસમાં રહેતા શ્યામસુંદર શિવદુલારે ભારતી (ઉ.વ.૭૦) ને ત્યાં તેમના મિત્ર જેનીશભાઈ અવારનવાર બેસવા આવતા હોય અને તે બાબત પાડોશમાં જ રહેતા સંજય ઉર્ફે સાંઢીયા તથા સોનીયા રાવળ નામના શખ્સોને ગમતી ન હતી. આથી બોલાચાલી કરી ધોકા, પાઈપથી હુમલો કરી શ્યામસુંદર ભારતીને માર માર્યો હતો. ફ્રેક્ચર સહિતની ઈજા પામેલા આ વૃદ્ધે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# લાલપુર ખાતે ૧૨૮ કર્મચારીઓ પોસ્ટલ બેલેટના માધ્યમથી મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી થયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે તા.૭મી મે ના રોજ મતદાન થવાનું છે ત્યારે ચૂંટણી કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા પોસ્ટલ બેલેટ થકી મતદાન પ્રક્રિયા યોજવામાં આવી છે.મતદાનના દિવસે મતદારો સુચારૂ રીતે મતદાન કરી શકે તે માટે ફરજ પર તૈનાત રહેનાર પોલીંગ સ્ટાફ દ્વારા સ્વામી વિવેકાનંદ શૈક્ષણિક સંકુલ ખાતે ઉભા કરવામાં આવેલ પોસ્ટલ બેલેટ મતદાન કેન્દ્ર ખાતે પ્રાંત અધિકારી અસવાર સહિત કુલ ૧૨૮ અધિકારી તથા





કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટ થકી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીની પવિત્ર અને નૈતિક ફરજ અદા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, જામનગર સંસદીય મત વિસ્તારમાં ચૂંટણી સાથે સંકળાયેલા અન્ય વિસ્તારના મતદારો મતદાન કરવાથી વંચિત ન રહે તેમજ લોકશાહીના અવસરમાં સહભાગી બને તે માટે તાલીમની સાથે સાથે જ નિયત સ્થળોએ મતદાન કરી શકે તે પ્રકારેની વ્યવસ્થા પણ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગોઠવવામાં આવી હતી.

# જામનગરના એનસીસી ગ્રુપ દ્વારા વાર્ષિક સન્માન સમારંભ યોજાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નેશનલ હાઈસ્કૂલમાં જામનગર એનસીસી ગ્રુપ દ્વારા તાલીમ વર્ષ ૨૦૨૩-૨૪ નો વાર્ષિક સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો.૬૬ વિજેતાને અતિથિ વિશેષ એનસીસી ગુજરાત, દાદરા અને નગર હવેલી, દીવ અને દમણના ડેપ્યુટી ડાયરેકટર જનરલ બ્રિગેડિયર રૂપિન્દર સિંઘ દ્વારા, જામનગર એનસીસી ગ્રુપના કમાંડર કર્નલ એચ.કે. સિંઘ, વરિષ્ઠ એનસીસી અધિકારીઓ તથા કેડેટ્સની ઉપસ્થિતિમાં સન્માનિત કરવામાં આવ્યા હતાં.વર્ષ ૨૦૨૩-૨૪ માં કેડેટ્સને ગણતંત્ર દિવસ પરેડ કેમ્પ તથા વિવિધ યુનિટ્સ અંતર્ગત ઉત્કૃષ્ટ દેખાવ માટે એસોસિએટ એનસીસી ઓફિસર્સ તથા પીઆઈ સ્ટાફ, કેડેટ્સને સામાજિક જાગૃતિ તથા રાષ્ટ્ર સેવા માટે પ્રશિક્ષિત કરવા, વાર્ષિક તાલીમી કેમ્પ, શસ્ત્ર તાલીમ, પરેડ પ્રશિક્ષણ તેમજ એનસીસીના વિવિષ વિષયોના તાલીમી વર્ગો યોજવા માટે અને સિવિલ સ્ટાફને સુવ્યવસ્થિત રીતે ખાતાકીય ફરજ બજાવવા અંગે સન્માનિત કરવામાં આવ્યા હતાં.

બ્રિગેડિયર રૂપિન્દર સિંઘે કેડેટ્સને પ્રોત્સાહિત કરતા સંબોધનમાં જણાવ્યું હતું કે, પતમારે દઢ અને મોટું લક્ષ્ય નક્કી કરી, તેના પર મક્કમપણે આગળ વધી સફળ થવાનું છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા જામનગર એજ્યુકેશન સોસાયટી સંચાલિત નેશનલ હાઈસ્કૂલના ચેરમેન બિપીનભાઈ ઝવેરી, ટ્રસ્ટી એ.પી. અમૃતિયા, આચાર્ય ડી. એસ. ગોહિલ તથા સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા સહકાર પૂરો પાડવામાં આવ્યો હતો.

# સિદ્ધિ વિનાયક ગણપતિ તથા ગાયત્રી આશ્રમ ખાતે આશિર્વાદ લઈ અસ્મિતા રથનું રાજપૂત સંકલન સમિતિ દ્વારા પ્રસ્થાન કરાવાયું

## બહોળી સંખ્યામાં રાજપુતો બાઈક અને કારના કાફલા સાથે નીકળ્યાઃ ભાજપ અને રૂપાલા વિરોધી સુત્રોચ્ચારો કરાયા

**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ઉપલેટાઃ** ક્ષત્રિય સમાજ દ્વારા પરસોત્તમ રૂપાલા ના વિરોધમાં છેલ્લા ઘણા સમયથી વિવિધ રીતે વિરોધ અને વિરોધની સાથે અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે રાજકોટ જિલ્લાના ઉપલેટામાં પણ ઉપલેટા રાજપૂત સંકલન સમિતિ દ્વારા નારી અસ્મિતા ધર્મરથનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉપલેટા તાલુકાના ઢાંક ગામે આવેલ શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ દાદાના દર્શન કરી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ આગળ શ્રી ગાયત્રી આશ્રમ ગધેથડ ખાતે માં ગાયત્રીના આશીર્વાદ લઇ કોલકી ગામ થઈ ઉપલેટા શહેરના મુખ્ય માર્ગો પર બાઈક તેમજ કારની વિશાળ રેલીનો કાફલો ઉપલેટા ખાતે પહોંચ્યો હતો. ઉપલેટાના મુખ્ય માર્ગો પર કેસરિયા ઝંડા અને વિવિધ સૂત્રો સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે આ કાર્યક્રમની અંદર બહોળી સંખ્યામાં









રાજપૂત અને ક્ષત્રિય સમાજના આગેવાનો અગ્રણીઓ જોડાયા હતા અને રાજપુત સમાજ ખાતે શપથ લેવામાં આવ્યા હતા.

ઉપલેટામાં યોજાયેલ રેલી બાદ ઉપલેટા રાજપુત સમાજ ખાતે ઉપલેટા તાલુકાના ચારેલીયા ગામના કાકુભા વાળાએ ઉપસ્થિત સૌ કોઈને સપથ લેવડાવ્યા હતા. આ શપથમાં એવો નિર્ણય લેવાયો છે કે, અમે બધા સૂર્યદેવની સાક્ષીએ અમારા કુળદેવીની સોગંદ ખાઈ અને પ્રતિજ્ઞા લઈએ છીએ કે, જે આ રૂપાલા ભાઈએ અમારી બેન-દીકરીઓ નારી અસ્મિતા ઉપર જે ગંદી ટિપ્પણી કરી છે અને ચારિત્ર ઉપર કાદવ ઉછાળ્યો છે તેને અમો રાજપૂત સમાજ ક્યારેય માફ નહીં કરીએ અને અમો સોગંદ ખાઈએ છીએ કે, ભાજપને ક્યારેય પણ મત નહીં આપીએ અને અમે ભાજપને જ હરાવશું એ અમારા રાજપુતનો ધર્મ છે.

રાજકોટના ઉપલેટા રાજપૂત સમાજ સંકલન સમિતિ દ્વારા યોજવામાં આવેલ અસ્મિતા ધર્મરથનું ઠેર-ઠેર કુમકુમ તિલક અને હાર તોરા તેમજ પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપલેટા શહેરમાં રેલી નીકળતા વિવિધ સૂત્રોચાર સાથે રાજપૂત સમાજના આગેવાનો અગ્રણીઓ અને યુવાનો બાઇક તેમજ ફોર વીલના કાફલા સાથે આ રેલીમાં જોવા મળ્યા હતા ત્યારે રેલી પૂર્ણ થયા બાદ ઉપલેટાના રાજપૂત સમાજ ખાતે રૂપાલા હાય હાય તેમજ ભાજપ હાય હાય ના નારાઓ પણ લાગ્યા હતા અને આગામી દિવસોમાં સંકલન સમિતિ દ્વારા ઉચ્ચ કક્ષાએથી નક્કી થતા કાર્યક્રમોને પણ સમર્થન આપવામાં આવશે તેવું પણ ક્ષત્રિય આગેવાનોએ જણાવ્યું છે.

# વાંકાનેરમાં હત્યાના ગુનામાં સંડોવાયેલ આરોપીને જામીન આપતી કોર્ટ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરમાં વર્ષ ૨૦૨૩માં શ્રમિક યુવકને ચોર સમજી બેફામ માર મારવાના કારણે શ્રમિકનું મોત નિપજાવવાના કેશના આરોપી મોસીનભાઈ કાસમભાઈ અજમેરીએ પોતાના વકીલ દ્વારા વચગાળાના જામીન માટે મોરબી સેસન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી જેમાં મોરબીના યુવા ધારાશાસ્ત્રી જીતેનભાઈ અગેચાણીયાની દલીલોને ગ્રાહ્ય રાખી નામદાર કોર્ટ દ્વારા આરોપીને જામીન મુક્ત કરવા આદેશ આપવામાં આવ્યો હતો.

સમગ્ર કેસની વિગત મુજબ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ એવી ફરીયાદ કરેલ કે આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ગત તા.૧૨ મે ૨૦૨૩ના રોજ મજુરને ચોર સમજી વાકાનેરની ભાટીયા સોસાયટીમાં દશામાંના મંદિરે તેમજ ઈકો ગાડીમાં બેસાડી અલગ-





અલગ જગ્યાએ તેમજ મચ્છુ નદીના પટમાં તેમજ વીસીપરાથી લુણસરીયા તરફ જતાં રોડ ઉપર ઢીકા-પાટુનો માર મારી અને સુતરના દોરાથી તેમજ પ્લાસ્ટિકના પાઈપથી શરીર ઉપર આડેધડ માર મારી મોત નીપજાવેલ જે મુજબની ફરીયાદના આધારે વાંકાનેર સીટી પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ સહિતની અલગ અલગ કલમ હેઠળ મોસીનભાઈ કાસમભાઈ અજમેરી તથા અન્ય ૬ આરોપીઓની ધરપકડ કરી તમામ આરોપીઓને જેલ હવાલે કરાયા હતા.

ઉપરોક્ત હત્યા કેસના આરોપીઓ પૈકી મોસીનભાઈ કાસમભાઈ અજમેરીએ મોરબીના યુવા ધારાશાસ્ત્રી જીતેનભાઈ અગેચાણીયા મારફત નામદાર સેસન્સ કોર્ટમાં જામીન મેળવવા અરજી કરેલ હતી. આરોપી તરફે જીતેનભાઈ દ્વારા ધારદાર કાયદાકીય દલીલ કરવામાં આવી હતી. ત્યારે બંને પક્ષકારોની દલીલના અંતે નામદાર કોર્ટે આરોપી પક્ષના વકીલની દલીલ માન્ય રાખી આરોપીને શરતી જામીન પર મુક્ત કરતો આદેશ કરવામાં આવ્યો છે. આ કેસમાં આરોપી તરફે મોરબી જીલ્લાના પ્રખ્યાત સીનીયર ધારાશાસ્ત્રી દિલીપભાઈ અગેચાણીયા, જીતેન ડી. અગેચાણીયા, જે.ડી.સોલંકી, કુલદીપ ઝીઝુવાડીયા, રવી ચાવડા, હીતેશ પરમાર રોકાયેલા હતા.

# વિંછીયા માર્કેટિંગયાર્ડના ખેડૂતભાઈઓએ અચૂક મતદાનના શપથ ગ્રહણ કર્યા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકશાહીના મહાયજ્ઞમાં દેશભરમાંથી લોકો સહભાગી બને તે માટે ઠેર ઠેર મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. ૭૨-જસદણ વિધાનસભા મતવિસ્તારના વિછીયા તાલુકાના માર્કેટિંગ યાર્ડમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરાયું હતું. જેમાં યાર્ડના ખેડૂતોને મતદાન પ્રક્રિયા વિશે માહિતગાર કરાયા હતા. તથા ખેડૂતભાઈઓને અચૂક મતદાનના શપથ ગ્રહણ કરાવ્યા હતા.

# જામનગર જી.જી. હોસ્પિટલના બે ડોક્ટરો તથા ચાર નર્સને નવજાત શિશુ વિભાગ માટે સ્પેશિયલ ફેલોશીપ અપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની જી.જી. હોસ્પિટલના નવજાત શિશુ વિભાગ માટે સુપર સ્પેશિયાલિટી ફેલોશીપ મંજુર થતા એમ.પી. શાહ મેડિકલ કોલેજનું ગૌરવ વધ્યું છે.જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં નવજાત શિશુ વિભાગને નેશનલ નીઓનાટોલોજી ફોરમ ઈન્ડિયા દ્વારા સુપર સ્પેશ્યાલિટી-ફેલોશીપ કરવાની મંજુરી પ્રાપ્ત થઈ છે. જે જામનગરના તબીબ જગત માટે ગૌરવપૂર્ણ બાબત છે. આથી જામનગરના બાળ દર્દીઓને વધુ ઉત્તમ સારવાર મળી શકશે. જેના અંતર્ગત ખાસ બે ડોક્ટર



માટે અને ૪ નર્સ માટે ફેલોશીપ ખૂલી છે.

સમગ્ર ગુજરાતની મેડિકલ કોલેજમાં આવી ફેલોશીપ હાલ માત્ર જામનગરના ફાળે મળી છે. એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.ની ૨૫૦ અને એમ.ડી.(પેડ) માટે ૧૧ સીટ માટેના કોર્સ ચાલુ જ છે.આ સુપરસ્પેશ્યાલિટી ફેલોશીપથી સંસ્થા વધુ સારી નવજાત શિશુ સંભાળ અને એ વિષય સંદર્ભે ઉત્કૃષ્ટ રિસર્ચ કરી શકશે. જેને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે આવતા બાળ દર્દીઓને વધુ ઉત્તમ સારવાર મળી રહેશે. નવજાત શિશુ વિભાગના હેડ અને સિનિયર ડો. મૌલિક શાહના જણાવ્યા મુજબ એનએનએફઆઈ એ ભારતમાં નવજાત બાળકો માટેના નિષ્ણાતોની સંસ્થા છે. જેઓ દ્વારા ફેલોશીપ મંજુર કરવામાં આવે છે.

આ સંસ્થાના સભ્યોની ટીમ ગત તા. ૧૦ માર્ચના જામનગરની હોસ્પિટલ અને મેડિકલ કોલેજની મુલાકાતે આવી હતી અને હોસ્પિટલનું રેકોર્ડ, બિલ્ડીંગ, જરૂરી સ્ટાફ વગેરેનું નિરીક્ષણ કર્યું હતું અને તમામ જરૂરી સુવિધા ઉપલબ્ધ હોવાનો અહેવાલ પછી જામનગરને ફેલોશીપ મળી છે. બે ડોક્ટર અને ચાર નર્સો માટે ફેલોશીપ અન્વયે ભારતભરમાંથી અરજી થઈ શકે છે.

એમ.બી.બી.એસ. પછી એમ.ડી. અને સુપર સ્પે. અને તેમાં પણ સુપર સ્પે. (પીડયાટ્રિક) ની સ્પે. સેવાનો ભવિષ્યમાં જામનગરમાં લાભ મળતો થશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં મતદાન જાગૃતિ માટે કલેકટરે સાઈકલ સવારી કરી

## જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીએ સાયકલિસ્ટો સાથે સાયકલીંગ કરીને રાજકોટની જનતાને મતદાન કરવાની અપીલ કરી








(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકશાહીને મજબૂત કરવા માટે દરેક નાગરીક લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪માં અચુક મતદાન કરે તે માટે રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ પ્રવૃતિ અંતર્ગત મતદાન જાગૃત્તિના અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આજરોજ સવારે ૬.૩૦ કલાકે જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવનાથ ગવ્હાણેના હસ્તે બહુમાળી ભવન ખાતેથી સાયકલ રેલીનું ફ્લેગ ઓફ કરવામાં આવ્યું હતું.

આ તકે કલેક્ટરશ્રી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, આજે વહેલી સવારે રાજકોટ શહેરના રાઇડર્સ સાથે મતદાન જાગૃતિ માટે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. સાયકલિંગ એક હેલ્ધી એક્ટિવિટી છે. તેમ લોકશાહી માટે વોટિંગ પણ એક હેલ્ધી એક્ટિવિટી છે એટલા માટે નવતર રીતે નાગરીકોને મતદાન કરવાની પ્રેરણા આપી રહ્યા છીએ.

મતદાન કરવા 'અચુક મતદાન-મારુ વચન' 'દેશ માટે ૧૦ મિનીટ' 'વોટ રાજકોટ' જેવા પ્રેરણાદાયી સ્લોગન સાથે ૮ કિલોમીટર સુધીની આ સાયકલ રેલીમાં રાજકોટ સાયકલ કલબ, રોટરી ક્લબ ઓફ મિડટાઉન લાઈબ્રેરી, રોટરી ક્લબ ઓફ રાજકોટ પ્રાઈમ, રોટરી ક્લબ ઓફ રાજકોટ મેટ્રો, રોટરી ક્લબ ઓફ રાજકોટ,રાજકોટ રાઈડર કલબ, રાજકોટ શહેર જિલ્લા ભારત સ્કાઉટ અને ગાઈડ સંઘ અને મહાત્મા ગાંધી સ્કૂલ સહિત વિવિધ ગ્રુપના ૧૫૦થી વધુ સાયકલિસ્ટો જોડાયા હતા.

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સાયકલિસ્ટો સાથે સાયકલીંગ કરીને રાજકોટની જનતાને મતદાનની કરવા અપીલ કરી હતી. આ રેલીમાં ૭૪ વર્ષના વૃદ્ધ થી માંડીને ૧૨ વર્ષના બાળક સહિત તમામ લોકોએ મતદાન કરવાની અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, આ રેલી રેસકોર્સ (બહુમાળી ભવન) થી શરૂ થઈને રોટરી સર્કલ તરફથી મેયર બંગલો, કિશાનપરા ચોકથી જિલ્લા પંચાયત ચોક, યાજ્ઞિક રોડથી રામકૃષ્ણ આશ્રમ, કમિશનર બંગલો રોડથી ટાગોર રોડ, લક્ષ્મીનગર અંડરપાસથી નાના માવા સર્કલ થઈને જમણી તરફ વળીને બીગ બજાર તરફ જતા કે.કે.વી સર્કલે રેલી પૂર્ણ થઈ હતી.

આ તકે સ્વીપ પ્રવૃતિના નોડલ અધિકારી જિજ્ઞાસા ગઢવી, નાયબ મામલતદાર પ્રીતિબેન વ્યાસ સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તથા વિવિધ સામાજિક સંસ્થાના કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

# તંદુરસ્તી સાથે લોકશાહીની પણ સંભાળ – દવા લેતા સમયે યાદ કરાવશે મતદાન સંદેશો

## મેડિકલ સ્ટોરમાં દવાની સ્ટ્રીપ સાથે અપાતી મતદાન સંદેશની સ્લીપ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

બીમાર લોકો તંદુરસ્તી માટે જરૂરી દવા લેશે ત્યારે ટાઈમ ટુ ટાઈમ મતદાન તારીખ અને ''મતદાન ચોક્કસ કરીએ'' નો સંદેશો પણ સતત યાદ અપાવે તેવી પહેલ રાજકોટના મેડિકલ સ્ટોર્સ દ્વારા કરવામાં આવી રહી છે.

રાજકોટના એ.બી.સી. મેડિકલ સ્ટોર, વિકાસ મેડિકલ સ્ટોર, ગિરિરાજ સહિતના સ્ટોર પર કસ્ટમર જયારે દવા ખરીદે ત્યારે ટેબ્લેટની સ્ટ્રીપ સાથે મતદાન તારીખ અને મતદાન અચૂક કરીશ સંદેશની સ્લીપ પણ પીનઅપ કરી આપવામાં આવે છે. જે દર્દીઓને દવા લેતા સમયે સતત યાદ અપાવશે મતદાન કરવાની. એટલું જ નહીં તેમના પરિવારજનો પણ દર્દીને દવા આપે ત્યારે તેઓને પણ આ સંદેશ મળતો રહેશે.

જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી અને સ્વીપના નોડેલ ઓફિસર જીજ્ઞાશાબેન ગઢવી દ્વારા વહીવટી તંત્ર દ્વારા સમગ્ર જિલ્લામાં મતદાન જાગૃતિ અર્થે શાળા, કોલેજ, મોલ, ખાનગી સંસ્થાઓ અને ઈન્ડસ્ટ્રીઝમાં લોકજાગૃતિની આગવી પહેલમાં મેડિકલ સ્ટોર પણ જોડાઈ લોકશાહીના પર્વમાં દર્દીઓ અને તેમના પરિવારજનોને જોડી લોકશાહીની તંદુરસ્તની પણ ખેવના કરી રહ્યા છે

# ઉના રેલ્વે સ્ટેશન પર સુવિધાઓ આપવા માંગ

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

**ઊના:** ઉના ના અખિલ ભારતીય કોળી સમાજ ના રસિક ચાવડા એ ડી.આર.એમ. ભાવનગર અને રેલવે મંત્રી ને પત્ર લખી માંગ કરી છે કે ઉના તાલુકો વિકાસની દ્રષ્ટિએ પછાત તાલુકો છે.અને તેમા પણ રેલ્વે સેવાનુ પણ પછાતપણુ આ વિસ્તાર ને છે.લાંબા અંતરની મુસાફરી માટે સૈથી સસ્તુ અને સલામત મુસાફરી રેલ્વેની છે.પણ ખાટલે મોટી ખોટ કહેવત અનુસાર આ વિસ્તાર મા આ સુવિધાનો સદતર અભાવ જોવા મળે છે.

ઉના રેલ્વે સ્ટેશનને માત્ર ફલેગ સ્ટેશન આપવામા આવ્યુ છે.લાંબા અંતરની ટ્રેન ઉના -સુરત અને ઉના-મુંબઈ ની માંગણી આ વિસ્તારની રહી છે.પરંતુ રેલ્વે તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.

દેશ જયારે આધુનિક રેલ્વે સ્ટેશનો બુલેટ ટ્રેનો,હાઈ-સ્પીડ ટ્રેન,મેટ્રો ટ્રેનો ચાલતી હોય ત્યારે અહી રેલ્વે સ્ટેશન મા બેસવાના તુટેલ બાકડા, ન તો પીવાના પાણીની વ્યવસ્થ,શોચાલયનો અભાવ જેવી પાયાની પ્રાથમિક સુવિધાઓ પણ નથી. તોકતે



વાવાજોડા બાદ પડી ગયેલ વૃક્ષો ભી હટાવવામાં આવીયા નથી.શૈચાલય માં જાડી , જાખરા ઉગી નીકળીયા છે.રેલ્વે સ્ટેશનનો સ્ટેશનના નામનો બોર્ડ ભી પડી ગયો છે. આ વિસ્તાર માં પ્રવાસન ની અનેક તકો છે ત્યારે આ વિસ્તાર મા લાંબા અંતરની ટ્રેન આપવામાં આવે તો પ્રવાસીઓ ને મુસાફરીની સારી સુવિધાઓ મળી રહે. રેલ્વે સ્ટેશનનું આધુનિકરણ, પ્રાથમિક સુવિધાઓ,બ્રોડ ગેજની સુવિધા મળે એવી ઉના તાલુકાની જનતા વતી રસિક ચાવડા એ માંગ કરી છે.

# સરગમ પરિવારના સભ્યો માટે નાટ્ય શો યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા. ૨૦/૦૪/૨૪ થી ૨૪/૦૪/૨૪ સુધી સરગમ કલબના તમામ સભ્યો જેવા કે લેડીઝ કલબ / સિનિયર સિટીઝન કલબ / જેન્ટ્સ કલબ / કપલ કલબ ના તમામ સભ્યો અને આંમત્રીતો / અધિકારીઓ માટે હેમુગઢવી હોલમાં મુંબઈનું નાટક નદોસ્તી અનલિમિટેડ નામનો શો યોજાયેલ. આ નાટ્ય શોના મુખ્ય દિગ્દર્શત કમલેશ ઓઝા, લીના શાહ, યશ ગજ્જર, શૈલજા શુકલ, અંકિત પોપટ વગેરે ડબલ ધમાકા - કોમેડી અને સંપૂર્ણ પણે પારિવારિક નાટક યોજાયેલ.



આ નાટ્ય શો નિહાળવા માટે રાજકોટના પ્રતિષ્ઠિત લોકો જોવા પધારેલ જેમાં પ્રતાપભાઈ પટેલ, કિરીટભાઈ પટેલ, ડો. કમલભાઈ પરીખ, અરવિંદભાઈ શાહ, ગોપાલભાઈ સાપરિયા, મધુભાઈ પટોળીયા, નીરજભાઈ આર્ય, રમેશભાઈ જીવાણી, કિશોરભાઈ જીવાણી, કિરીટભાઈ જીવાણી, શિવલાલભાઈ બારસિયા, રમણીકભાઈ જસાણી, હરદેવસિંહ જાડેજા, કાશ્મીરાબેન નથવાણી, પ્રફુલ્લભાઈ ધામી, ડો. એમ.બી. વેકરિયા, હાર્દિકભાઈ દતાણી, વિક્રમભાઈ પુજારા, વિજયભાઈ કારિયા, રાજેન્દ્રભાઈ મહેતા, ડો. શીલુભાઈ સાહેબ, અરવિંદભાઈ ઢોલરીયા, સોનલભાઈ સાગઠીયા, મનોજભાઈ ઉનડકટ, સમીરભાઈ રાજાણી, મયુરભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા ગુણવંતભાઈ ડેલાવાળા, ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, કનૈયાલાલ ગજેરા, અનવરભાઈ ઢેબા, ધીરુભાઈ હિરાણી, મીતેનભાઈ મહેતા, સુરેશભાઈ દ્રેત્રોજા, જયસુખભાઈ ડાભી, મનમોહનભાઈ પનારા, નીલુબેન મહેતા, અલ્કાબેન કામદાર, ગીતાબેન હિરાણી, જયશ્રીબેન મહેતા, છાયાબેન દવે, વૈશાલીબેન શાહ, ડો. અલ્કાબેન ધામેલિયા, નીતાબેન પરસાણા વગેરે જહેમત ઉઠાવી હતી.

# હળવદના રાતાભેર ગામેથી સગીરાને ભગાડી જનાર આરોપીને પકડી પાડતી હળવદ પોલીસ

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ તાલુકાના રાતાભેર ગામે ખેત શ્રમિક પરિવારની સગીર વયની દીકરીને ભગાડી જનાર આરોપીને હળવદ પોલીસ દ્વારા ગીરસોમનાથ જીલ્લાના હડમતીયા ગામની સીમમાંથી ઝડપી લઇ હસ્તગત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર ગત તા.૦૫ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ ખેત શ્રમિક પરિવારની સગીર વયની દિકરીને આરોપી જીતુ ઉર્ફે જીતેશભાઈ વરશીંગભાઈ કેરવાડીયા લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઇરાદે ભગાડી લઈ જઈ ગુન્હો



આચરેલ હોય જે અંગે હળવદ પોલીસ મથકમાં કલમ-૩૬૩,૩૬૬ મુજબનો ગુન્હો રજી. કરવામા આવેલ હતો.ઉપરોક્ત સગીરાને ભગાડી જનાર આરોપીને પકડી પાડવા હાંકવાદ પીઆઈ આર.ટી.વ્યાસની સુચનાથી ખાનગી હકીકત તેમજ ટેકનીકલ સોર્સ મારફતે ઉપરોકત આરોપી જીતુભાઈ ઉર્ફે જીતેશભાઈ વરસીંગભાઈ કેરવાડીયા ઉવ.૨૩ રહે.રાતાભેર તા.હળવદ જી.મોરબીને હળવદ પોલીસ ટીમે ગીર સોમનાથ જીલ્લાના તાલાલા ખાતે હળમતીયા ગામની સીમમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો. હાલ આરોપીને હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# મહિલા મતદાતાઓને ''દશ મિનીટ,દેશ માટે'' ફાળવવા અનુરોધ કરાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશના મહાપર્વમાં લોકો સહભાગી બને તે માટે ઠેર ઠેર મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જેમાં રાજકોટ સંસદીય મતવિસ્તારમાં મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે આયોજન કરાયું હતું.

૭૨ - જસદણ વિધાનસભા મતવિસ્તારની કે.જી.કે ડાયમંડ કંપની ખાતે પ્રાંત અધિકારી ગ્રીષ્માબેન રાઠવાના અધ્યક્ષસ્થાને કંપનીના વર્કર્સને તા.૦૭ મેના રોજ મતદાન કરવા અપીલ કરી હતી. આ સાથે સૌ વર્કર્સને ''અવસર લોકશાહી''ના શબ્દોની થીમનું ટી-શર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ મહિલા મતદાતાઓને ''દશ મિનીટ દેશ માટે'' ફાળવવા અનુરોધ કર્યો હતો. આ અભિયાનમાં પ્રાંત અધિકારીશ્રીને ''સેલ્ફી પોઇન્ટ'' પર સેલ્ફી લઇ મતદાન કરવા અંગે જુસ્સો બતાવ્યો હતો. આ તકે ઉપસ્થિત સર્વેએ અચૂક મતદાનના શપથ ગ્રહણ કરાયા હતા.

# પોરબંદર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ગોંડલ, જેતપુર, ધોરાજી સહિત ચૂંટણી ફરજ પરના ૧૦૫૦ કર્મચારીઓએ પોસ્ટલ બેલેટ દ્વારા કર્યું મતદાન







**મુખ્ય સમાચાર, પોરબંદર**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે રાજકોટ જિલ્લામાં આગામી તા.૦૭ મે,૨૦૨૪ના રોજ મતદાન થનાર છે. ચુંટણી ફરજમાં રોકાયેલ સ્ટાફ મતદાન કરી શકે તે માટે ચૂંટણી પંચના આદેશ અનુસાર પોસ્ટલ બેલેટથી મતદાનની પ્રક્રિયાનું આયોજન કરવામાં આવે છે.

જે અનુસંધાને ૧૧ - પોરબંદર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ગોંડલ,જેતપુર, ધોરાજી, ઉપલેટા, સહિતના તમામ મતદાર વિભાગના કર્મચારીઓ માટે સેંટ મૈરી હાઇસ્કુલ ખાતે મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પોલીસ વિભાગ સહિતના ચુંટણી ફરજ પરના કર્મચારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન કરવામાં આવ્યું હતું. ૭૨૦ એસ.આર.પી. અને ૩૩૦ અન્ય પોલિંગ સ્ટાફ મળીને કુલ ૧૦૫૦ કર્મચારીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર મતદાન કરીને પોતાની મતદાનની ફરજ અદા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, એ.આર.ઓ.શ્રી રાહુલ ગમારા, મામલતદાર રાહુલ ડોડીયા, દિપક ભટ્ટ, નાયબ મામલતદાર ડી.એમ. વઘાસિયા, મનીષભાઈ જોશીની દેખરેખમાં સુરક્ષા બંદોબસ્ત સાથે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા યોજાઈ હતી.

### અવસર લોકશાહીનો.. મારા ભારતનો..: આપનો મત.. લોકતંત્રનો પ્રાણ..

# રાજકોટ સંસદીય મતવિસ્તારમાં વેગવંતી બનતી સ્વીપ એક્ટિવીટીઝ : જન-જનને અપાતી મતદાનની પ્રેરણા

## ઘરે-ઘરે વોટર ઈન્ફોર્મેશન સ્લીપ, માર્ગદર્શિકા પુસ્તિકા, આમંત્રણ પત્રિકાઓનું વિતરણ : ગાર્બેજ કલેક્શન વાનમાં ઓડિયો સિસ્ટમથી મતદાનની અપીલ









**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકશાહી શાસન વ્યવસ્થામાં દરેક નાગરિકનો મત ખૂબ જ કિંમતી અને પવિત્ર છે. લોકશાહીના અવસર સમી લોકસભાની ચૂંટણીમાં રાજકોટ સંસદીય મત વિસ્તારના તમામ મતદારોને ભાગીદાર બનાવવા જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન. કે. મુછારના નેતૃત્વમાં ચૂંટણી તંત્ર અથાક મહેનત કરી રહ્યું છે. 'આપનો મત.. લોકતંત્રનો પ્રાણ' સૂત્રને સાકાર કરવા સ્વીપ (SVEEP - Systematic Voter's Education and Electoral Participation) પ્રોગ્રામ અંતર્ગત મતદાન જાગૃત્તિની રચનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

રાજકોટ સંસદીય મત વિસ્તારમાં સ્વીપ નોડલ ઓફિસર જિજ્ઞાસાબેન ગઢવીના દિશાનિર્દેશમાં ચૂંટણી નજીક આવતા જ સ્વીપ એક્ટિવીટીઝ વેગવંતી બની ગઈ છે. ૬૬ - ટંકારા, ૬૭ - વાંકાનેર, ૬૮ - રાજકોટ પૂર્વ, ૬૯ - રાજકોટ પશ્ચિમ, ૭૦ - રાજકોટ દક્ષિણ, ૭૧ - રાજકોટ ગ્રામ્ય, ૭૨ - જસદણ, ૭૩ - ગોંડલ, ૭૪ - જેતપુર અને ૭૫ - ધોરાજી વિધાનસભા મતદાર વિભાગમાં છાત્રોથી લઈને વડીલ મતદારો સુધી, ગ્રામીણ, અંતરિયાળ વિસ્તારથી લઈને મહાનગર સુધીના તમામ નાગરીકોને મતદાન માટે પ્રેરિત કરાઈ રહ્યાં છે. મતદાન જાગૃતિ કાર્યક્રમમાં મતદાન પ્રક્રિયા વિશે જાણકારી આપીને મત આપવા જવા અનુરોધ કરાય છે, અચૂક મતદાનની શપથ લેવાઈ છે, વોટર ઈન્ફોર્મેશન સ્લીપ, મતદાન માર્ગદર્શિકા પુસ્તિકા અને આમંત્રણ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. લોકશાહીના અવસરે સિગ્નેચર કેમ્પેઈન, ફ્લેશ મોબ અને સેલ્ફી પોઈન્ટ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યાં છે.

નગરપાલિકા વિસ્તારોમાં ગાર્બેજ કલેકશન વાનમાં ઓડિયો સિસ્ટમથી મતદાનની પવિત્ર ફરજ નિભાવવા અપીલ કરાઈ રહી છે. મતદાનમાં સ્ત્રીઓ પુરુષોની સાથે કદમતાલ મિલાવે, તેવા ઉમદા ઉદ્દેશથી ખાસ કરીને મહિલાઓને મતદાન માટે પ્રેરિત કરાઈ રહી છે. આંગણવાડી બહેનોએ લાભાર્થીઓના ઘરની મુલાકાત દરમિયાન સહકુટુંબ મતદાન કરવા તેમજ સિનેમા ગૃહ, શનિવારી બજાર જેવા જાહેર સ્થળો ખાતે, ક્રિકેટ મેચ, વાલી સંમેલન જેવા જાહેર કાર્યક્રમો દરમિયાન બેનર લગાવીને પ્રેક્ષકોને મતદાન કરવા જાગૃત કરાયાં છે. ''તમે મતદાન કરશો તો યુવાનોને મતદાન કરવાની પ્રેરણા મળશે'' તેવો વડીલોને અનુરોધ કરાઈ રહ્યો છે. દૂધ ભર્યાની પહોંચ, માલસામાનની ડીલીવરી, મેડીકલ પ્રિસ્ક્રીપ્શન, પે સ્લીપમાં મતદાન જાગૃતિનો સ્ટેમ્પ લગાવીને ઘરે-ઘરે મતદાનનો સંદેશો પહોંચાડાયો છે.

મહત્વનું છે કે સ્વીપ પોગ્રામ અંતર્ગત અનેક નવતર પહેલ પણ કરવામાં આવી છે. જેમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વીપ અંતર્ગત 'વોટીંગ પ્રીમિયર લીગ – વોટ કા દમ વિથ ચેતેશ્વર પુજારા' કાર્યક્રમ યોજાયો હતો. ગોંડલની સંગ્રામસિંહજી હાઇસ્કુલ ખાતે ૪૫,૦૦૦ સ્કવેર ફૂટમાં આશરે ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ માનવસાંકળ કરીને ''ઇન્કડ ફિંગર''ની પ્રતિકૃતિ તૈયાર કરાઈ હતી. મતદાતાઓને પ્રોત્સાહન આપવા વેપારીઓ અને રેસ્ટોરન્ટ દ્વારા મતદાનના દિવસે ડિસ્કાઉન્ટની ઓફર આપવામાં આવી રહી છે. દિવ્યાંગ બાળકોએ રેલી કાઢીને 'મતદાન એ મહાદાન'નો સંદેશ આપ્યો હતો. છ. શા. વિરાણી બહેરા - મૂંગા શાળાના વિદ્યાર્થીઓએ સાઈન લેંગવેજથી વીડિયોના મારફત તેમજ મોક પોલ સ્કીટના માધ્યમથી સમગ્ર મતદાન પ્રક્રિયા સમજાવી હતી. 'તમારા મતદાન મથકને જાણો..' ઝુંબેશ હેઠળ મતદાન મથકની મુલાકાત લઈને જનતાને મતદાન માટે રૂમ, મતદાર ક્રમાંક, વાહન પાર્કિંગ અને સહાયતા કેન્દ્ર સહિતની સુવિધાઓ, ઓળખના પુરાવાઓ સહિતની બાબતો વિષયક માહિતી આપવામાં આવે છે.

મહત્તમ મતદારોને જોડવાના સરાહનીય પ્રયાસો પૈકી એક છે - ડિજિટલ મીડિયાનો ઉપયોગ. સોશિયલ મીડિયા ઇન્ફ્લુઅન્સર્સની મીટીંગ બાદ ઇન્ફ્લુઅન્સર્સ પોસ્ટ, સ્ટોરી, રીલ્સ, મીમ્સ બનાવીને સોશિયલ મીડિયા ઉપર હેઝટેગ સાથે અપલોડ કરી યુવાનો સુધી મતદાનનો સંદેશો પહોંચાડી રહ્યાં છે. મતદાનલક્ષી હેઝટેગ મેકિંગ અને રીલ મેકિંગ સ્પર્ધા યોજીને ઇનામ વિતરણ કરાયું હતું. નાયબ મામલતદારશ્રી પ્રીતિબેન વ્યાસની કલમે લખાયેલા બે ગીતો 'દસ મિનિટ દેશ માટે, દસ મિનિટ લોકશાહી માટે' અને 'હર એક વોટ જરૂરી હોતા હૈ'ના વિડીયો રીલીઝ કરીને યુવા મતદાતાઓને આકર્ષવાનો પ્રયાસો કરવામાં આવ્યાં છે. ફેસબુક લાઈવ પ્રોગ્રામ મારફતે કોલેજના કેમ્પસ એમ્બેસેડર્સ અને વિદ્યાર્થીઓને મતદાન પ્રક્રિયામાં જોડાવા પ્રેરિત કર્યા હતા.

વધુમાં, લોકશાહીના અવસરની ઉજવણીમાં 'ચુનાવી પાઠશાળા' કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ નાટ્ય કૃતિમાં મતદાર યાદી સુધારણા, મતદારોને શાહી લગાવવી સહિતની ચૂંટણી સંલગ્ન કામગીરી ભજવીને ચૂંટણી પ્રક્રિયાની માહિતી મેળવી હતી. તેમજ શાળાઓમાં નિબંધ, ચિત્ર, વકતૃત્વ, રંગોળી, પોસ્ટર, ક્વિઝ, સ્લોગન, ટેટુ જેવી વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી વિદ્યાર્થીઓને મતદાનના મહત્વ અંગે અવગત કરાવવામાં આવ્યા હતા. મહેંદી અને હેર સ્ટાઈલ સ્પર્ધામાં વિદ્યાર્થીનિઓએ કલાત્મક ડિઝાઇન સાથે મતદાનના સ્લોગન ચિતરાવી જનજાગૃતિની ખુશ્બુ ફેલાવી છે. મનોરંજનના પરંપરાગત માધ્યમ કઠપૂતળી અને નુક્કડ નાટક ભજવીને દેશના ભાવિ નાગરિકો એવા વિદ્યાર્થીઓએ વર્તમાન નાગરિકોને અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, મતદાન જાગૃતિ અભિયાનમાં વિવિધ શાળાઓ અને કોલેજોની સાથેસાથે સંગીત નાટ્ય અકાદમી, ગાયત્રી શક્તિ પીઠ, માટેલ ધામ, ઘેલા સોમનાથ મંદિર, રોટરી કલબ જેવી અનેક સંસ્થાઓ જોડાઈ છે. તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો. નવનાથ ગવ્હાણે સહિતના અધિકારીઓ ઉપરાંત જય વસાવડા, સાંઈરામ દવે, ઇન્ફ્લુએન્સર કપલ શિવાની શુકલ અને જય શુકલ, નિધિ ધોળકિયા સહિતના નામાંકિતોએ જનતાને મત આપવાની અપીલ કરી છે.

આમ, 'કોઈ મતદાર મતદાન કરવાથી છૂટે નહીં'ની નેમ સાથે ૧૦ - રાજકોટ સંસદીય મત વિસ્તારમાં ચૂંટણી તંત્ર લોકશાહીના ઉત્સવમાં જન-જનને જોડી લોકશાહી મજબૂત બને, તે માટે અનેકવિધ પગલાંઓ લઈ રહ્યું છે. ત્યારે મતદાતાઓ ૭મી મેના રોજ અવશ્ય મત આપીને લોકશાહીને સશક્ત બનાવવામાં અમૂલ્ય યોગદાન આપે, તેવો જિલ્લા ચૂંટણી તંત્રનો અનુરોધ છે.

# જેતપુરમાં શખ્સે બ્લેકમેઈલીંગ કરી શરીર સંબંધની માંગણી કરતા પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

## પૂર્વ પ્રેમી સાથેના ફોટા અને રિલ્સ બનાવી પતિનો મિત્ર બ્લેકમેઈલ કરતો હતો

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરની પરિણીતાને અગાઉ એક યુવક સાથે મિત્રતા હોય જે ફોટા યુવકે ઈન્સ્ટાગ્રામમાં અગાઉ મુક્યા હતા.આ ફોટા પતિના મિત્રના હાથે લાગતા તેમણે સોશિયલ મીડિયા પરથી સંપર્ક કરી ત્યારબાદ શરીર સંબંધની માંગણી કરી બ્લેકમેઈલ કરતા પરિણીતાએ ફિનાઈલ પી લઈ અને ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કરતા તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવી હતી.આ મામલે પતિના મિત્ર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

વધુ વિગતો મુજબ,જેતપુર રહેતા પરિણીતાએ ફરિયાદમાં તેમના પતિના મિત્ર હિમાંશુ મનસુખ મકવાણાનું નામ આપતા તેમના વિરુદ્ધ પજવણી અને એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું બે દિવસથી રિસામણે રહું છું. તેમના લગ્નને ચાર વર્ષ થયાં છે. લગ્ન પહેલા મારે ગોપાલ રાજપુત સાથે મીત્રતા હતી અને અમારા બન્નેના ફોટા તથા સ્ટોરી જે તે સમયે મારા મીત્ર ગોપાલ રાજપુતે બે વર્ષ પહેલા ઇન્સ્ટાગ્રામમા મુક્યા હતા.આ ફોટા અને સ્ટોરી ગોપાલે ઈન્સ્ટાગ્રામમાં ચડાવેલ ત્યારે અમારે બન્નેને વાત થઈ ત્યારે મને તેનાથી કોઈ નારાજગી ન હતી.


લગ્ન બાદ મારા પતિનો મિત્ર હિમાશુ મનસુખભાઈ મકવાણા(રહે. ખોડપરા જેતપુર) અવાર-નવાર મારા પતિ સાથે ઘરે આવતો હતો. હિમાશુની પત્નિ નેહલ મકવાણા મારી બહેન પણી બની ગઈ હતી.જેથી અમારે એક-બીજાના ઘરે આવવા જવાના સબંધો હતા.અમે બન્ને તથા હિમાશુ અને નેહલ સાથે રાજસ્થાન ખાતે છ મહીના પહેલા ફરવા ગયા હતા. ત્યારબાદ આ હિમાશુને મારા લગ્ન અગાઉના મારા મિત્ર ગોપાલ

રાજપુતના ફોટો સ્ટોરી કયાંકથી મળી ગઈ ત્યારથી આ હિમાશુ મકવાણા મારી સાથે સ્નેપ ચેટ મારફતે મેસેજ તથા કોલીંગ દ્વારા મારી સાથે શારીરીક સબંધ બાંધવા માટે સંપર્ક કરતો હતો. તે સ્નેપ ચેટના મેસેજ દ્વારા મને કહેતો હતો કે, જો તુ મારી સાથે સબંધ નહી રાખે તો તારા અને ગોપાલ રાજપુતના ફોટો તથા સ્ટોરી બાબતે હું તારા પતિને જાણ કરી દઈશ.આ ધમકીથી મારૂ લગ્ન જીવન બરબાદ કરવા માગતો હોય જેથી કંટાળીને માતાના રૂમમાં ફીનાઈલ પી લઈ અને ગળેફાંસો ખાવાનો પ્રયાસ કરતા માતાએ બારી તોડી બચાવી અને હોસ્પિટલમાં ખસેડી હતી.આ મામલે જેતપુર પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# કોઠારિયા સોલવન્ટ પાસે પીસ્તોલ સાથે આહિર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

આગામી લોકસભા ૨૦૨૪ની ચૂંટણી પૂર્વે શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને લોકો ભય વગર શાંતિ પૂર્ણ વાતાવરણમાં મતદાન કરી શકે તે માટે શહેર પોલીસ દવારા ચાપતો બંદોબસ્ત પેટ્રોલિંગ અને કોમ્બીંગ નાઈટની કામગીરી શરૂ કરી હોય તે દરમિયાન ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની સુચનાથી હેડ કોન્સ્ટેબલ મહીપાલસિંહ



સહિતનો સ્ટાફ ગોંડલ રોડ પર કોઠારિયા સોલવન્ટ જુના ટોલ નાકાથી આગળ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે અમરદીપ મારબલની સામે સર્વિસ રોડ પર થી સાગર દેવાણંદભાઈ વાંક (ઉ.વ.૨૮ રહે.નવલનગર મવડી મેઈન રોડ)ને દબોચી લઈ અંગ ઝડતી લેતા તેના કબજામાંથી એક પીસ્તોલ કિંમત રૂ.૨૦,૦૦૦ અને એક જીવતા કાર્ટીસ મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદીનું બેભાન હાલતમાં મોત

## લક્ષ્મીનગર ઝુંપડપટ્ટીમાં યુવાનનું હૃદયરોગના હુમલાથી મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સેન્ટ્રલ જેલમાં પોક્સોના ગુનામાં ૧૦ વર્ષની સજા કાપતા મહુવા પંથકના યુવાન અને લક્ષ્મીનગરમાં રહેતા યુવકનું હૃદયરોગના હુમલાથી મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ મહુવા તાલુકાના નેસવડ ગામના વતની અને હાલ રાજકોટ સેન્ટ્રલ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા કાપતા ભાવેશ પાંચાભાઈ સાંભડ નામનો ૩૭ વર્ષનો કેદી પોતાની બેરેકમાં હતો ત્યારે સવારના સાડા સાતેક



વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડયો હતો ભાવેશ સાબડને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું હૃદયરોગના હુમલાથી મોત નિપજયુ હોવાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં ભાવેશ સાંભડને પોકસોના ગુનામાં ૧૦ વર્ષની સજા પડી હતી જેથી ભાવેશ સાબડ રાજકોટ સેન્ટ્રલ જેલમાં સજા કાપી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

બીજા બનાવમાં લક્ષ્મીનગર વિસ્તારમાં આવેલી ઝુપડપટ્ટીમાં રહેતા કાળુ હીરાભાઈ થારખીયા નામનો ૩ર વર્ષનો યુવાન પોતાના ઘર પાસે હતો ત્યારે હૃદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડયો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. પ્રાથમિક પૂછપરછમાં મૃતક કાળુ થારખીયા આઠ ભાઈ એક બહેનમાં વચ્ચેટ અને અપરિણીત હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદ હાઈવે પર ડમ્પર ચાલક સહિત ત્રણ શખ્સોએ એસટી બસના ડ્રાઈવર પર હૂમલો કરી તોડફોડ કરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે પર બેટી ગામ પાસે એસટી બસ નં.જીજે૧૮જેડટી૧૪૯૪માં ડ્રાઈવર ભુપેન્સિંહ અજીતસિંહ પરમાર (રહે.મુળી ગામ)બસ ચલાવીને જતા હતા. ત્યારે ડમ્પર નં.બીડબલ્યુ૬૫૫૯ ના ચાલકે સાઈડ કાપવા બાબતે બસની આડે ડમ્પર ઉભુ રાખી ચાલક સહિત ત્રણ શખ્સોએ લોખંડની ટોમી વડે હૂમલો કરી એસટી બસના ચાલક ભુપેન્સિંહને ગંભીર ઈજા કરી સરકારી બસના કાચ તોડી નાખી નુક્સાન કરી નાસી જતા એરપોર્ટ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# પોલીસ મથકમાં બે યુવાનોના મોત પ્રકરણમાં કમિશનર અને કલેકટરને આયોગનું તેડુ

## કસ્ટોડિયન ડેથ મામલે રાષ્ટ્રીય આયોગ દ્વારા નોટીસ પાઠવી આઠ સપ્તાહમાં તપાસ રિપોર્ટ રજુ કરવા આદેશ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ગોંડલ રોડ પર આંબેડકરનગરમાં પાડોશી વચ્ચેના ઝઘડામાં પોલીસે ઢોર માર મારતા યુવાનનું મોત નીપજ્યું હતું. બાદમાં અન્ય યુવાનનું પણ મોત નિપજતા ચકચાર મચી ગઈ હતી. જે કસ્ટડીયલ ડેથ પ્રકરણમાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ દ્વારા રાજકોટ પોલીસ કમિશનર અને જિલ્લા કલેકટરને નોટીસ પાઠવી ૮ સપ્તાહમાં સમગ્ર મામલે તપાસ કરી રિપોર્ટ કરવા આદેશ કર્યો છે. આ કેસની હકીકત મુજબ રાજકોટ શહેરના આંબેડકરનગરમાં રહેતા રાજુભાઈ ભગાભાઈ સોલંકી અને તેનો પૂત્ર જયેશ ગત ૧૪ તારીખે રાત્રે ઝઘડો કરતા હતા. અને પોલીસ બોલાવવામાં આવતા જયેશ મદદ માંગવા જતા હમીરભાઈ ઉર્ફે ગોપાલ દેવજીભાઈ રાઠોડ (ઉ.વ.૩૪) સમાધાન માટે ત્યાં ગયા હતા. ત્યારે ફરજ પરના પોલીસમેને મારકૂટ કરી પોલીસ વેનમાં બેસાડી પોલીસ સ્ટેશને લઈ જઈ પાઈપથી ઢોર માર માર્યો હતો મોડી રાત્રે ઘરે લઈ ગયા બાદ બેભાન થઈ જતા સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડતા માલવિયાનગર પોલીસે અજાણ્યા સામે પત્નીની ફરિયાદ પરથી હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો હતો. દરમિયાન ૧૬ તારીખે સારવારમાં મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. પોલીસે હત્યા અને એટ્રોસિટીની કલમનો ઉમેરો કર્યો હતો. જે ગુનામાં એએસઆઈ અશ્વિન કાનગડ બે દિવસ પૂર્વે ડીસીબી પોલીસ સમક્ષ રજૂ થતા પીઆઈ ગોંડલીયા સહિત અટકાયત કરી માલવિયાનગર પોલીસને કબજે સોપ્યો હતો. યુવકને માર મારી મોતને ઘાટ ઉતારનાર એએસઆઈ અશ્વિન કાનગડ પોલીસ સમક્ષ હાજર થયાના બીજા દિવસે જ પોલોસે માર માર્યાના ૧૦ દિવસ બાદ રાજુ ભગવાનજીભાઈ સોલંકી નામના યુવાનનું મોત નીપજતા ચકચાર મચી ગઈ હતી. જે કસ્ટડીયલ ડેથ પ્રકરણમાં રાષ્ટ્રિય માનવ અધિકાર આયોગ દ્વારા રાજકોટ પોલીસ કમિશનર અને જિલ્લા કલેક્ટરને નોટીસ પાઠવી છે. અને ૮ સપ્તાહમાં સમગ્ર મામલે તપાસ કરી રિપોર્ટ કરવા આદેશ કર્યો છે.

# રૈયા રોડ પર વેપારીની ૧૦ વર્ષની પુત્રીનું ઉલ્ટી થતા બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયા રોડ પર રહેતા પરિવારની ૧૦ વર્ષની બાળકીનું ઉલ્ટી કર્યા બાદ બેભાન થઈ જતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી તેને મૃત જાહેર કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ રૈયા રોડ પર હનુમાનજી મંદિર પાસે રહેતા અને ખાણીપીણીની ચીજ વસ્તુની એજન્સી ધરાવતા મિલિન્દભાઈ પરીખની ૧૦ વર્ષની પુત્રી હીતાક્ષીને થોડા દિવસ પૂર્વે ઝાડ ઉલ્ટી થતા પરિવાર દ્વારા પાસના ક્લિનિકમાંથી તેની સારવાર કરવી દવાઓ



લીધી હતી પંરતુ બાળકીની તબિયત વધુ લથડી હતી અને ઘરે બેભાન થઈને ઢળી પડતાં તેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી અને અહીં પર હાજર તબીબોએ તેને તપાસી મૃત જાહેર કરી હતી. જ્યારે પોલીસ દ્વારા તેના મૃતદહેને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.અને તપાસમાં તબીબોએ જણાવ્યું હતું કે, બાળકીના ફેફસામાં ઉલ્ટી ભરાઈ જતાં તેણીને હાર્ટ એટેક આવ્યા હોવાનું તારણ આપ્યું હતું. હાલ બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો છે.

# રાજકોટની મહિલાને ફોન કરી સાત મહિનાથી પજવણી કરતો વિધર્મી શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની મહિલાને સાતેક મહિનાથી મેસેજ, ફોન કરી હું તમને ઓળખું છું, કહી હેરાન કરતાં શખસ સામે ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ખેડા જીલ્લાના મહુધા તાલકુાના અલીણા ગામના ઈ મ્તિયાઝહુશેન બીસ્મીલ્લાહ મલેક ઉ.૪૭ વિરુધ્ધ ગુનો નોંધી વિધર્મીને દબોચી લીધો છે.

મહિલાએ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે હું ગત તારીખ ૧૦-૧૦-૨૩ના સાંજે અજાણી વ્યક્તિએ હાઈ હેલ્લોનો મેસેજ કર્યો હતો મેં કોઇ રિપ્લાય ન આપતાં તેણે મને કોલ કરીને કહેલું કે-હું તમને ઓળખું છું, તમારા પરિવાર વિશે બધુ જાણુ છું. તમારી દિકરીનું નામ ખબર છે અને તમારો ફોટો મારી પાસે છે. જેથી મેં તમારુ નામ શું છું એવું પુછતાં તેણે ફોન કાપી નાખ્યો હતો ત્યાર બાદ આ શખ્સ દરરોજ ફોન કરતો અને હું ફોન ઉપાડુ તો કેમ છો વગેરે વાત કરતો હતો. હું ફોન કાપી નાખુ તો ટેક્સ મેસેજ કરતો મેં ફોન અને મેસેજ કરવાની ના પાડતાં જો મારી સાથે ફોનમાં વાત નહિ કરો તો હું દવા પી લઈશ તેવી ધમકી આપતો હતો આમ છતાં તેણે ફોન, મેસેજ ચાલુ જ રાખતા મે નંબર બ્લોક કરી દેતા તેણે બે નંબર પરથી હેરાનગતી ચાલુ રાખતા મેં તેને હવે જો ફોન કે મેસેજ કરીશ તો હું પોલીસ ફરિયાદ કરીશ તેમ કહેવા છતાં નહી સુધરતાં અંતે મેં સાયબર ક્રાઈમ પોલીસમાં અરજી આપી હતી તપાસ થતાં આ નંબર ખેડાના અલીણા ગામના ઈમ્તિયાઝહુશેન મલેકના નામે હોવાનું ખુલતા ફરિયાદ નોંધાવી હતી ગાંધીગ્રામ પીઆઈ બી. ટી. અકબરી સહિતની ટીમે શખ્સને દબોચી લઈ મોબાઈલ ચેક કરતાં અનેક મહિલાઓના ફોન નંબરો મળતા તેમને પણ હેરાન કર્યાની વિગતો સામે આવી છે આ શખ્સ અગાઉ રાજકોટ આવ્યો ત્યારે સગાના ઘરે ભોગ બનેલા મહિલા આવ્યા હોય સગાના ફોનમાંથી આ મહિલાના નંબર મેળવી લઈ સાત મહિનાથી પજવણી કરતો હતો.

# આજી ડેમ વિસ્તારમાં ૧૬ વર્ષના તરૂણે સગીરાને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યુ

## પોલીસે તરૂણ સામે પોકસોની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતા એક પરિવારની સગીર દીકરીને પ્રેમજાળમાં ફસાવી પાડોશી સગીરે લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરતા આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસેતપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટના છેવાડાના વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષ ૮ માસ ઉમરવાળી સગીરાએ તેના પડોશમાં જ રહેતા આશરે ૧૬ વર્ષની ઉમરના તરૂણ સામે આજી ડેમ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ, પોક્સો સહિતની કલમો હેઠળ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે ઘરકામ કરે છે તરૂણ પડોશમાં જ રહેતો હોય પાડોશીના નાતે તેણે પરિચય કેળવ્યો હતો અને વાતચીત શરૂ કરી હતી તે દરમિયાન તેણે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી લલચાવી, ફોસલાવી એકલતાનો લાભલઈ તેની સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધી લીધો હતો દુષ્કર્મ અંગે પરિવારને જાણ કરતા મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો હતો અને તરૂણ સામે ફરિયાદ નોંધાવતા આજી ડેમ પીઆઈ અશોકસિંહ જાડેજા સહિતના સ્ટાફે સગીરાની ફરિયાદ પરથી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રિધ્ધિ સિધ્ધિ સોસાયટીમાં મકાન માલિકને સુતા રાખી તસ્કરો રૂા.૧ લાખની મતા ચોરી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દુધ સાગર રોડ પર આવેલ ગુ.હા. બોર્ડ રિધ્ધી સિધ્ધી સોસાયટીમાં રહેતા રેખાબેન પ્રવિણભાઈ પરમાર એ થોરાળા પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે ગત તા.૨૮ના મારી બહેનપણી નયનાબેન ડાભી અને ઉર્વીબેન ગોહેલ ભાવનગરથી ઘરે આવીને રોકાયા હતા. બાદ રાત્રિના બાર વાગ્યા આસપાસ બધા સુઈ ગયેલ અને સવારના ૭ વાગ્યે જાગીને મારી બાજુમાં રાખેલ ફોન જોવા ન મળતા મે મારી બંન્ને બહેનપણીને જગાડી અને મારો ફોન મળતો નથી તેમ વાત કર્યા બાદ બંન્ને બહેનપણીએ પણ પોતાનો ફોન ચેક કરતા મળી ન આવતા આગળના રૂમમાં તપાસ કરતા રૂમમાં રાખેલ કબાટનો લોક ટુટેલ હતો અને કબાટ ખુલ્લો જોવા મળતા મે કબાટ ચેક કરતાં કબાટમા રાખેલ રોકડ રૂ.૨૦,૦૦૦ તેમજ ચાંદીના સાકળાની જોડ જોવા મળેલ ન હતી અને મકાનના દરવાજાનું તાળુ ટુટેલ હાલતમાં દેખાતા ઘરમાં ચોરી થયાની શંકા જતા એક દિવસ તપાસ કરવા છતાં, કોઈ ભાળ ન મળતા કોઈ અજાણ્યો ઈસમ ઘરની મુખ્ય ડેલીનુ તાળુ તોડી ઘરમાં ગેર- કાયદેસર પ્રવેશી ઘરના આગળના રૂમમાં રાખેલ કબાટનો લોક તોડી રોકડ રૂ.૨૦,૦૦૦ તથા ચાંદીના સાકળાની જોડ કિં.૨૫૦૦ તેમજ ચાર મોબાઈલ મળી રૂ.૧.૭ લાખની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા થોરાળા પોલીસે ગુના નોંધી પીએસઆઈ જે.એમ.પરમાર એ આરોપીને સકંજામાં લઈ તપાસ હાથ ધરી છે.

# હિંગોળગઢથી બાલકવડ જતા યુવાનને કચડી નાંખી હત્યા કરવાનો પ્રયાસ

## પ્રેમ પ્રકરણ બાબતે બે શખ્સોએ નંબર વગરની કારમાં આવી કૃત્ય કર્યુ હોવાના સીસીટીવી ફૂટેજ મળતા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણ તાલુકાના બાખલવડ ગામે રહેતા અને ખેતીકામ કરતા રત્નાભાઈ વિઠ્ઠલભાઈ પલાળીયા ઉ.૪૫એ હિંગોળગઢના હાર્દિક સતીષભાઈ મકવાણા અને જીતેશ કટેશીયા સામે પૂત્ર સુનીલના બાઈક્ને ઠોકરે લઈ હત્યાની કોશિષ કરવા અંગે જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે પૂત્ર સુનીલને હિંગોળગઢ ગામના હરજીભાઈ નાગડકિયાની દીકરી કોમલ સાથે એક વર્ષથી પ્રેમ સંબંધ હોય તેના પિતા સાથે વાત કરતા તેણે સગપણ માટે સહમતી દર્શાવી હતી અને સગાઈ નક્કી કરી હતી જેથી પૂત્ર અવારનવાર મળવા જતો અને કોમલ પણ ઘરે આવજા કરતી હતી ગત ૨૭ તારીખે ઘરે હતો ત્યારે કાકા અમરશીભાઈએ ફોન કરી સુનીલને અકસ્માત થયો છે જસદણ લઇ જાય છીએ તેમ કહેતા અમે ત્યાં ગયા ત્યારે ગંભીર હાલત હોય મારો ભાઈ શૈલેશ સહિતના રાજકોટ ખાનગી હોસ્પીટલમાં લઇ ગયા હતા ત્યાં તેને હેમરેજ, ફેકચર હોવાનું તબીબોએ જણાવ્યું હતુંતપાસ કરતા કાર પીછો કરતી હોવાનું જાણવા મળતા લાલાવદરના સીસીટીવી ચેક કરતા નંબર મળી આવ્યા હતા તેમાં બેઠેલા હાર્દિક અને જીતેશએ પૂત્રની હત્યા કરવાના ઈરાદે કોઈ કારણોસર પાછળથી ઠોકર મારી કચડી મારવાનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળતા પીઆઈ ટી બી જાનીએ તપસા હાથ ધરી છે.

# હડાળાના પાટીયા પાસે રોડ ક્રોસ કરતી મહિલાનું ટ્રકની ઠોકરે મોત

## હાજીપીરની યાત્રા કરી પરત આવી રિક્ષામાંથી ઉતરી રસ્તો ઓળંગવા જતા હતા ત્યારે બનાવ બન્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી હાઇવે પર આવેલ હડાળાના પાટીયા પાસે વધુ એક જીવલેણ અકસ્માતનો બનાવ બનવા પામ્યો છે. જેમાં કચ્છ હાજીપીરની યાત્રા કરીને આવેલ મહિલા રોડ ક્રોસ કરતા હતા ત્યારે ટ્રક ચાલકે ઠોકરે લેતા મોત નીપજતા કુવાડવા પોલીસે કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ હડાળાના પાટિયા પાસે રિક્ષામાં ઉતરી રોડ ક્રોસ કરતા ફરીદાબેન ઈકબાલભાઈ સરવદી નામની ૩૪ વર્ષની મહિલાને ટ્રક ચાલકે ઠોકરે લેતા ગંભીર ઈજા તથા બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા પરંતુ ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરતા કુવાડવા પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને અકસ્માત સર્જનાર ટ્રક ચાલકને અટકાયતમાં લઈ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું કે, મૃતક મહિલા તેમના દીકરા દીકરી સહિતના પરિવારજનો સાથે કચ્છ હાજીપીરની યાત્રાએ ગયા હતા પરત ફર્યા હતા અને રિક્ષામાંથી ઉતરી અન્ય એક મહિલા સાથે રોડ ક્રોસ કરતી વેળાએ બનાવ બન્યો હતો. અકાળે માતાના મોતથી બે પુત્રોએ માતાનું છત્ર ગુમાવ્યું છે.

# પોલીસ કર્મીના માતા-પિતાનો ટંકારાના છતર ગામે ઝેરી ટીકડા ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારા તાલુકાના છતર ગામે પ્રાથમિક શાળાની નજીક રાજકોટના પોલીસ કર્મચારીના માતા-પિતાએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી ટિકડા ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી ગઈ છે. રાજકોટના પોલીસ કર્મચારી મિલનભાઈ ખુંટના હડાળા ગામે રહેતા માતા-પિતા નિલેશ મનસુખભાઈ ખુંટ અને ભારતીબેન નિલેશભાઈ ખુંટ પટેલ દંપતીએ ઝેરી ટિકડા ખાઈ આત્મહત્યા કરી લીધો હતો. બનાવ અંગે ટંકારા ૧૦૮ ને જાણ કરતા પાયલોટ મયુરભાઈ અને ડો. રૂબિયાબેન દ્વારા સારવાર સાથે રાજકોટ હોસ્પિટલમાં ખસેડયા હતા. જોકે સારવાર કારગત નીવડે એ પહેલા મોત નીપજ્યું હોવાનું ડોક્ટરે જાહેર કર્યું હતુ. આ ઘટના પગલે ટંકારા પોલીસના નેકનામ ઓપીના બિટ જમાદાર રાજુભાઈ કજારીયા, અકિલભાઈ બાંભણીયા અને અનિલ પરમાર તાત્કાલિક પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે.જોકે ઘટસ્થળે કે ખિસ્સામાંથી સુસાઈટ નોટ કે અન્ય કોઈ વિગતો જાણવા મળી નથી. આત્મ હત્યા કરનારના પુત્ર મિલનભાઈ ખુંટ રાજકોટ પોલીસમા ફરજ બજાવતા હોવાનું જાણવા મળ્યું છે.

# મોરબીના આલાપ રોડ ઉપર સરનામું પૂછવાના બહાને વૃધ્ધાના ગળામાંથી ૧ લાખના સોનાના ચેઈનની ચીલઝડપ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના આલાપ રોડ ઉપર નવજીવન પાર્કમાં રહેણાંક મકાન બહાર બેઠેલા ૬૦ વર્ષીય મહિલાને સરનામું પૂછવાને બહાને આવેલ શખ્સે મહિલાના ગળણાથી સોનાનો ચેઇન ઝૂંટવીને નાસી ગયો હતો. જયારે ભોગ બનનાર મહિલા દ્વારા ચીલઝડપ કરનાર શખ્સની પાછળ દોડતા થોડે દૂર પાર્ક કરેલ પોતાના બાઈક ઉપર પલાયન થઇ ગયો હતો. ત્યારે સમગ્ર ચીલઝડપના બનાવ અંગે મહિલા દ્વારા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી વિગત અનુસાર મોરબીના આલાપ રોડ નવજીવન પાર્કમાં રહેતા મૂળ જુના ઘાટીલા ગામના વતની મંજુલાબેન કાંતિભાઈ હરજીવનભાઇ દેત્રોજા ઉવ.૬૦ ગત તા.૨૪/૦૪ ના રોજ સવારના પોતાના ઘરની બાજુમાં રહેતા પાડોશી મહિલા સાથે પોતાના રહેણાંક બહાર બેઠા હતા ત્યારે ત્યાં એક અજાણ્યો શખ્સ આવી પશ્રી હરિ એપાર્ટમેન્ટથ ક્યાં આવેલ છે ? તેમ કહી થોડીવાર બાદ અચાનક મંજુલાબેનના ગળામાં પહેરેલ અંદાજે ૧૬ ગ્રામના સોનાનો ચેઇન આચકી ભાગવા લાગ્યો હતો, ત્યારે મંજુલાબેન દ્વારા અજાણ્યા ચોર શખ્સ પાછળ દોડતા તે હાથમાં આવેલ નહિ. તથા બનવું સ્થળથી થોડે દૂર પાર્ક કરેલ બાઈક ઉપર ચીલઝડપ કરનાર શખ્સ નાસી ગયો હતો. ત્યારે સમગ્ર ચીલઝડપના આ બનાવ અંગે મંજુલાબેન દ્વારા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ૨૫ થી ૩૦ વર્ષની ઉમર ધરાવતા અને શરીરે ચેક્સવાળો શર્ટ પહેરેલા અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે અજાણ્યા આરોપી સામે ગુનો દાખલ કરી આરોપીને પકડી પાડવા અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# બંગડીબજારમાં ચાલીને જતા વૃધ્ધ ખાડામાં પડી જતા મોત

## લોઠડા ગામે શીતળામાના મંદિર નજીક બેભાન થઈ જતા બાવાજી વૃધ્ધનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

બંગડીબજારમાં ચાલીને જતા વૃધ્ધનું ખાડામાં પડી જતા અને લોઠડા ગામ પાસે બેભાન થઈ જતા બે વૃધ્ધના મોત થયા હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે

પ્રથમ બનાવમાં રૈયા રોડ પર કૈલાશ પાર્કમાં રહેતા દિનેશભાઈ ગોપાલદાસ સામાણી (ઉ.વ.૫૯)નામના વૃધ્ધ ગઈકાલે ૮:૩૦ વાગ્યે બંગડીબજારમાં ચાલીને જતા હતા ત્યારે દસ ફુટ ઉંડા ખાડામાં પડી જતા વૃધ્ધને ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડવામાં આવતા તેનું મોત નિપજયું હતું. જ્યારે બીજા બનાવમાં કોઠારિયા ગામ પાસે આવેલ ખોડલધામ રેસીડેન્સીમાં રહેતા નિર્મળભાઈ ભીખાભાઈ દિવાંકર (ઉ.વ.૫૯)નામના બાવાજી વૃધ્ધ ગઈકાલે ખોખડદળ અને લોઠડા ગામ વચ્ચે રસ્તામાં આવેલ શીતળામાતાના મંદિર પાસે કોઈ કારણસર બેભાન થઈ જતા ૧૦૮ મારફતે સારવારમાં ખસેડવામાં આવતા તબીબોએ તેનું મોત થયું હોવાનું જાહેર કર્યું હતું.

# બસ પોર્ટ પાછળ બાબરાની યુવતીનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

## પત્ની રિસામણે ચાલી જતા યુવાનને લાગી આવતા રાજકોટ આવી વખ ઘોળ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બાબરા તાલુકાના ગામે રહેતા યુવકની પત્ની રીસામણે ચાલી જતા યુવાને રાજકોટમાં આવેલા ઢેબર રોડ ઉપર આરએમસી ઓફિસની પાછળ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ બાબરા તાલુકાના કલોરાણા ગામે રહેતા સુનિલ લીંબાભાઈ ઉધરેજીયા નામનો વવ વર્ષનો યુવાન રાજકોટમાં ઢેબર રોડ ઉપર આરએમસી ઓફિસની પાછળ આવેલી જીઈબી ઓફિસ પાસે હતો ત્યારે સાંજના સાડા ચારેક વાગ્યા અરસામાં ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ સ્ટાફે એ પોલીસને જાણ કરતા એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં સુનિલ ઉધરજીયા પાંચ ભાઈ ચાર બહેનમાં નાનો છે અને તેને સંતાનમાં એક પુત્ર છે પત્ની મનિષાબેન રીસામણે ચાલી જતા સુનિલ ઉધરેજીયાએ રાજકોટમાં આવી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.